

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

رَبِّ زِدْنِیْ عِلْمًا وَّارْزُقْنِیْ فَهْمًا

અય મારા રબ! મારું ઈલ્મ વધાર,
અને મને સમજદારીની રોજી અતા કર.



સરપરસ્ત

મર્હૂમ અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.) અને પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્દે.)



અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

# جعفری آواز

# જાફરી આવાઝ


શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

Vol.-12, Issue-10, September-2025

વર્ષ : ૪૫ સળંગ અંક : ૫૨૫



સંપાદક મંડળ

આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા

તંત્રી : કાસિમભાઈ વિજાપુરા–૯૪૨૬૫૪૧૪૭૨

સહતંત્રી : ફૈઝમોહંમદ મસી

સલાહ–માર્ગદર્શન : મૌલવી હાસમભાઈ ગાંધી (સિદ્ધપુર)

લેસર&ગ્રાફીક વર્ક : શબ્બીરઅલી રેવાસીયા

અકબરહુસૈન ફત્તેહ

વ્યવસ્થાપક મંડળ

વ્યવસ્થાપક : રઝાઅલી ખાણશીયા–૮૪૬૦૪૯૨૪૨૯



કાર્યાલયનું સરનામું

'જાફરી આવાઝ' (માસિક)

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા

પીન – ૩૮૩૨૨૦

Website : www.jafariaawaz.com ❄ email : jafariaawaz@gmail.com



Title Calligraphy: http://www.pngtree.com


## લેખાનુક્રમ


- **ઉઘડતે પાને**

હિદાયત: હુદહુદ પક્ષી અને મલિકાએ સબા... 3

- **તંત્રી લેખ**

માબાપ વિષેની ચાલીસ હદીસો.............. 7

- **કુરઆન અને હદીસ**

કુરઆન શિક્ષણ ..............................11

ગુરરુલ હિકમ ...............................13

નહ્જુલ અસરાર .............................15

- **તરીકત**

મશાયખવાણી................................19

- **અદબિયાત**

મીર અનીસના મરસિયા ................... 23

- **તારીખ અને ભૂગોળ**

સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.)......... 27

અલ ઈર્શાદ...................................31

- **અખ્લાક**

જ્ઞાનગોષ્ઠિ ....................................37

તલ્ઝીબુલ ઈસ્લામ ..........................41

આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન.. 45

- **દુઆ અને મુનાજાત**

ઈબાદાત..................................... 48

- **અન્ય**

વ્યક્તિ વિશેષ – હઝરત આબિસ............ 49

આપણા ઘરની વાતો ....................... 55

'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન........... 57

## હિદાયત:

# હુદહુદ પક્ષી અને મલિકાએ સબા (બીબી બિલ્કીસ)નો કિસ્સો

અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)

اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ وَالصَّلٰوةُ وَالسَّلَامُ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّيِّبِيْنَ

(ગતાંકનું ચાલુ)

حضرت سلیمان علیہ السلام کا خط ملکہؑ سبا کے نام

તો હઝરત સુલયમાન (અ.) પયગમ્બર હતા. એમની ગૈરતને જાણે કે કોઈએ ચૅલેન્જ કરી. તેમણે હિદાયત કરતો એક પત્ર મોકલ્યો બીબી બિલ્કીસને.

حضرت سلیمانؑ نے غور سے ہدہد کی باتیں سنیں اور سوچنے لگ گئے۔ ممکن ہے ان کا زیادہ گمان یہی ہو کہ یہ خبر سچی ہے اور اس کے جھوٹا ہونے پر کوئی دلیل بھی موجود نہیں ہے، لیکن چونکہ یہ بات معمولی نہ تھی بلکہ ایک ملک اور ایک بڑی قوم کی تقدیر اس سے وابستہ تھی، لہٰذا انہوں نے ایک فرد کی خبر پر اکتفا نہیں کیا بلکہ وہ اس حساس موضوع پر مزید تحقیق کرنا چاہتے تھے۔

એટલે હુદહુદની આ વાત પર તેમણે શંકા કરી નહીં, પરંતુ એ મહત્ત્વની બાબત હતી એટલે વધારે ચકાસણી કરવા માગતા હતા, એટલે તેમણે ફરમાવ્યું:

"ہم اس بارے میں تحقیق کریں گے اور دیکھیں گے کہ آیا تونے سچ کہا ہے یا جھوٹوں میں سے ہے۔"

(સૂરા નમ્લ, આયત-૨૭)

હુદહુદને કહી દીધું કે તું સાચો છે કે જુઠ્ઠો, એ અમે જોઈ લઈશું.

سلیمانؑ نے نہ تو ہدہد کو جھوٹا کہا اور نہ ہی بغیر دلیل کے اس کی بات کو تسلیم کیا، بلکہ اس بارے میں تحقیقات کا حکم صادر فرمایا۔

ન તેને જુઠ્ઠો કહી નાખ્યો, ન તેને સાચો કીધો; કીધું કે વાતની ચકાસણી થશે પછી તારી વાત માનવામાં આવશે.

بہرحال، سلیمانؑ نے ایک نہایت مختصر لیکن جامع خط تحریر فرمایا اور ہدہد کو دے کر کہا: میرا یہ خط لے جاؤ اور ان کے پاس جا کر ڈال دو،

હુદહુદને જ કામ સોંપ્યું કે આ ખતને લઈ જાવ અને મલિકાએ સબા, બીબી બિલ્કીસ પાસે જઈને નાખી આવ.

پھر لوٹ آؤ اور ایک کونے میں ٹھہر جاؤ،

પછી એક ખૂણામાં ઊભો રહેજે.

اور دیکھو وہ کیا ردِ عمل کرتے ہیں۔

(સૂરા નમ્લ, આયત–૨૮)

ملکۂ سبا نے خط کھولا۔

હુદહુદ પહોંચી ગયો, પત્ર આપ્યો, મલિકાએ સબા, બીબી બિલ્કીસે પત્રને ખોલીને વાંચ્યો.

اس کے مندرجات سے آگاہی حاصل کی، چونکہ اس نے اس سے پہلے حضرت سلیمانؑ کا نام اور شہرت سن رکھی تھی، اور خط کے مندرجات سے بھی واضح ہوتا تھا کہ حضرت سلیمانؑ نے سبا کے بارے میں سخت فیصلہ کر لیا ہے۔

એટલે, બીબી બિલ્કીસ જાણતાં હતાં કે હઝરત સુલયમાન (અ.) અલ્લાહના નબી છે, પયગમ્બર છે, અને સાથેસાથે પત્રમાં પણ હઝરત સુલયમાન (અ.) એ એવા સખ્ત શબ્દો વાપર્યા હતા એટલે સમજી ગયાં કે હવે ચડાઈ થવાની છે.

لہٰذا وہ گہری سوچ میں پڑ گئی، اور چونکہ ملک کے اہم ترین مسائل میں وہ اپنے مصاحبین سے مشورہ کیا کرتی تھی،

એટલે કે જે દરબારીઓ હોય તેમનાથી બીબી બિલ્કીસ મશ્વેરો લેતાં હતાં, એટલા માટે

اس بارے میں بھی انہیں اظہار خیال کی دعوت دی،

એટલે મંત્રીઓને બોલાવ્યા.

اور ان سے مخاطب ہو کر کہا: ''اے سردارو اور بزرگو! ایک نہایت ہی باوقار خط میری طرف پھینکا گیا ہے۔''

(સૂરા નમ્લ, આયત–૨૯)

મારી તરફ એક ઈજ્જતવાળો પત્ર ફેંકવામાં આવ્યો છે.

پھر ملکۂ سبا نے خط کا مضمون سناتے ہوئے کہا: ''یہ خط سلیمانؑ کی طرف سے ہے اور اس کے مندرجات یوں ہیں: ''رحمان و رحیم اللہ کے نام سے۔''''

(સૂરા નમ્લ, આયત–૩૦)

'બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ'થી પત્ર શરૂ થતો હતો.

''میں تمہیں نصیحت کرتا ہوں کہ تم میرے مقابلے میں سرکشی سے کام نہ لو اور حق کے سامنے سرِ تسلیم خم کرتے ہوئے میرے پاس آ جاؤ۔''

(સૂરા નમ્લ, આયત–૩૧)

દાવત આપી દીધી કે તોહીદ તરફ આવી જાઓ.

حضرت سلیمانؑ کے خط کا تذکرہ کرنے کے بعد اہل دربار کی طرف رخ کر کے ''ملکہ نے یوں کہا: ''اے سردارو! اس اہم معاملے میں تم اپنی رائے کا اظہار کرو،

બીબી બિલ્કીસે દરબારીઓને કહ્યું, "હવે મને જણાવો કે શું કરવું."

کیونکہ میں کوئی بھی اہم کام تمہاری شرکت

اور تمہاری رائے کے بغیر انجام نہیں دیتی ہوں۔""""

(સૂરા નમ્લ, આયત-૩૨)

હું તમારી મંત્રણા સિવાય કંઈ પણ ફેંસલો કરતી નથી, એટલે મને જણાવો. અહીં સુધી — એક વાતનો ખુલાસો કરી દઉં કે — બીબી બિલ્કીસનું નામ કુરઆન શરીફમાં આવ્યું નથી. આગળ જોઈએ કે આવે છે કે નહીં. શક્ય છે કે હદીસોથી જ ખબર પડી હોય આપણને, કુરઆન શરીફમાં નામ ન હોય. પરંતુ આપણને ખબર છે એટલે હું બીબી બિલ્કીસ કરીને ઉલ્લેખ કરું છું, પરંતુ હજી સુધી એમનું નામ આયતોમાં આવ્યું નથી.

اس رائے طلبی سے وہ ان کے درمیان اپنی حیثیت ثابت کرنا چاہتی تھی اور ان کی نظر اور توجہ اپنی طرف مبذول کرنا چاہتی تھی، تاکہ اس طرح سے وہ ان کی رائے اور اپنے فیصلے کو ہم آہنگ کر سکے۔

એટલે જાણવા માગતાં હતાં બીબી બિલ્કીસ, કે એમનું મંતવ્ય અને બીબી બિલ્કીસનું મંતવ્ય એક છે કે તેમાં તફાવત છે.

اشرافِ قوم نے جواب میں کہا:

તો તેમના મંત્રીઓએ કીધું:

"ہم بڑی طاقت والے اور جنگجو لوگ ہیں، لیکن آخری فیصلہ آپ کے ہاتھوں میں ہے۔ دیکھئے آپ کیا حکم دیتی ہیں؟"

(સૂરા નમ્લ, આયત-૩૩)

એટલે આપણે સારા યોદ્ધા, લડાકુ લોકો છીએ, અને આપણને હમલાની કોઈ ચિંતા નથી, પરંતુ છેવટે તો ફેંસલો આપનો જ છે, આપ જે કહેશો તે કરીશું.

اس طرح سے انہوں نے ایک تو ان کے سامنے اپنی فرمانبرداری کا اظہار کر دیا،

મંત્રીઓએ કીધું કે એમનું આજ્ઞાપાલન કરશે.

اور دوسرے اپنی قوت کا ذکر کر کے میدانِ جنگ میں لڑنے کا مشورہ بھی دے دیا۔


અને એમ પણ સાંત્વના આપી કે જો લડાઈ થઈ જાય, તો તેમાં પણ આપણે સક્ષમ છીએ કે સામેવાળાનો સામનો કરી શકીશું. (ક્રમશ:)







**૩૮૮** **સંપાદન:** જાફરી આવાઝ (કાર્યાલય)




## આડી ચાવીઓ

(૧) કાર્યકર્તા, તહસીલદાર, જિલ્લા અધિકારી (૫)
(૫) શૂરવીર, પરાક્રમી, બહાદુર (૪)
(૮) નષ્ટ કરવું, બરબાદ કરવું, લૂંટવું (૩)
(૯) નિરુત્તર, અજોડ, અનુપમ (૪)
(૧૦) સ્થાન, જગ્યા, સ્થળ, ઘર (૩)
(૧૨) ભારે મૂલ્યવાન વસ્તુ, કીમતી ચીજ (૩)
(૧૪) એક ઝાડની છાલ, એક તેજાનો (૨)
(૧૬) શીઆઓના પહેલા ઈમામ (૨)
(૧૭) તિરસ્કૃત, અપમાનિત, તરછોડાયેલું (૩)
(૧૮) કમજોર, અશક્ત, વૃદ્ધ (૩)
(૨૨) પહેલવાન, શ્રેષ્ઠ બહાદુર (૨)
(૨૪) વરની કે કન્યાની મા, સાસુ (૨)
(૨૫) નિ:સહાય, દુ:ખી, પીડિત (૩)
(૨૭) નિત્યતા, શાશ્વતતા, જિંદગી (૨)
(૨૯) દોરડું, દોરડી, બંધન (૩)
(૩૧) દુરાચાર, વ્યભિચારી (૪)
(૩૫) હિંદુઓના એક ભગવાનનું નામ (૨)
(૩૬) એકસરખા નામવાળું (૪)
(૩૮) કોઈને સાચવવા આપેલી વસ્તુ, થાપણ (૪)
(૩૯) શદ્દાદ બાદશાહે બનાવેલી જૂઠી જન્નત (૩)

## ઊભી ચાવીઓ

(૧) પ્રતીક, ચિહ્ન, નિશાની, સંકેત (૪)
(૨) ઘોડા, વગેરેને કાબૂમાં રાખવાની દોરી (૩)
(૩) ફાંસીએ લગાવવાનો માંચડો (૨)
(૪) ઝવેરાત, આંખની કીકી (૩)
(૫) આશ્વાસન, સાંત્વના, ઢારસ (૩)
(૬) શરમ, લજ્જા, અદબ, મલાજો (૨)
(૭) દૂધની એક વાનગી, બાસુંદી (૩)
(૧૧) આંખમાં લગાવવાનું આંજણ, કાજળ (૩)
(૧૩) શુભ, મંગળ, સફળ, કામયાબ (૩)
(૧૫) મૂર્તિ, બુત, પ્રેમિકા (૩)
(૧૬) સરદાર, અધ્યક્ષ, પદાધિકારી (૪)
(૧૯) એક મહાન પયગમ્બરનું નામ (૨)
(૨૦) અજાણ્યો માણસ, અપરિચિત (૪)
(૨૧) શાબાનની ૧૪મી અને ૧૫મી વચ્ચેની રાત (૫)
(૨૩) હોઠ, ઓષ્ઠ, નદીનો કિનારો (૨)
(૨૬) પગ, પગલું, પાવલું (૩)
(૨૮) વિશ્વ, જગત, બ્રહ્માંડ (૪)
(૩૦) યુદ્ધની હરોળોને ચીરનાર (૪)
(૩૨) અય્યૂબ (અ.)ની બીવીનું નામ (૩)
(૩૪) સીરિયા દેશનું જૂનું નામ (૨)
(૩૭) મણ, આશરે વીસ કિલો વજન (૨)

તંત્રી લેખ

# માબાપ વિષેની ચાલીસ હદીસો

મોમિન કાસિમભાઈ વિજાપુરા (મહેરપુરા)

**(૧) સૌથી મોટું આવશ્યક કાર્ય:**

عَنْ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عَلَيْهِ السَّلَامُ اَنَّهٗ قَالَ: بِرُّ الْوَالِدَيْنِ اَكْبَرُ فَرِيْضَةٍ.

અમીરુલ મોમિનીન (અ.)એ ફરમાવ્યું છે, "પોતાનાં માબાપ સાથે ભલાઈ કરવી, તે સૌથી મોટું આવશ્યક કાર્ય છે."

(મીઝાનુલ હિકમા, જિલ્દ–૧૦, સફ્હા–૭૦૯)

**(૨) કાર્યોમાં સૌથી ઉત્તમ કાર્ય:**

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ: اَفْضَلُ الْاَعْمَالِ الصَّلَاةُ لِوَقْتِهَا وَبِرُّ الْوَالِدَيْنِ وَالْجِهَادُ فِيْ سَبِيْلِ اللهِ.

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે, "સૌથી સારાં કાર્યો આ મુજબ છે: સમયસર નમાઝ પઢવી, માબાપ સાથે ભલાઈથી વર્તવું અને અલ્લાહની રાહમાં જિહાદ કરવી."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૪, સફ્હા–૮૫)

**(૩) માબાપ સાથે બંધન:**

قَالَ رَسُوْلُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَاٰلِهٖ: فَقِرَّ مَعَ وَالِدَيْكَ فَوَالَّذِيْ نَفْسِيْ بِيَدِهٖ لَاُنْسُهُمَا بِكَ يَوْمًا وَّلَيْلَةً خَيْرٌ مِّنْ جِهَادِ سَنَةٍ

(એક વખત એક માણસ રસૂલલ્લાહ (સ.)ની પાસે આવ્યો અને કહ્યું, "મારે ઘરડાં માબાપ છે કે જેઓ મારા પ્રત્યેની તેમની આસક્તિને લીધે હું જિહાદમાં જાઉં તે માટે ઉત્સાહી નથી.")

(આ સાંભળીને) રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું, "(જો એવું જ હોય તો) તમારાં માબાપ સાથે રહો, કારણ કે, તેની કસમ કે જેના કબજામાં મારો જીવ છે, તમારું એક દિવસ અને એક રાત સુધી તેમની સાથે રહેવું, એક વર્ષની જિહાદ કરતાં વધારે સારું છે."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૪, સફ્હા–૮૨)

**(૪) સૌથી પ્રિયપાત્ર કાર્ય:**

سَأَلْتُ رَسُوْلَ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَاٰلِهٖ: اَيُّ الْاَعْمَالِ اَحَبُّ اِلَى اللهِ عَزَّ وَجَلَّ؟ قَالَ الصَّلَاةُ لِوَقْتِهَا قُلْتُ ثُمَّ اَيُّ شَيْءٍ؟ قَالَ بِرُّ الْوَالِدَيْنِ قُلْتُ ثُمَّ اَيُّ شَيْءٍ؟ قَالَ الْجِهَادُ فِيْ سَبِيْلِ اللهِ

ઈબ્ને અબ્બાસ કહે છે, "મેં રસૂલલ્લાહ (સ.)ને સવાલ કર્યો, "અલ્લાહ અઝ્ઝ વ જલ્લની નજરમાં કયું કાર્ય સૌથી પ્રિયપાત્ર છે?" આપ (સ.)એ જવાબ આપ્યો, "નિયત સમયે નમાઝો (પઢવી)." મેં ફરીથી પૂછ્યું, "બીજું સૌથી પ્રિયપાત્ર કાર્ય કયું

છે?" આપ (સ.)એ જવાબ આપ્યો, "(પોતાનાં) માબાપ સાથે ભલાઈ કરવી." મેં ફરીથી સવાલ કર્યો, "આના પછી સૌથી પ્રિયપાત્ર કાર્ય કયું છે?" આપ (સ.)એ ફરમાવ્યું, "અલ્લાહની રાહમાં જિહાદ.""

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૪, સફહા–૭૦)

**(૫) માબાપની તરફ રહેમની નજરે જોવું:**

قَالَ رَسُوْلُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَاٰلِهٖ: مَا مِنْ وَّلَدٍ بَآرٍّ نَّظَرَ اِلٰى اَبَوَيْهِ بِرَحْمَةٍ اِلَّا كَانَ لَهٗ بِكُلِّ نَظْرَةٍ حَجَّةٌ مَّبْرُوْرَةٌ. فَقَالُوْا يَا رَسُوْلَ اللهِ وَاِنْ نَّظَرَ فِيْ كُلِّ يَوْمٍ مِّائَةَ نَظْرَةٍ؟ قَالَ نَعَمْ. اَللهُ اَكْبَرُ وَاَطْيَبُ.

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે, "દરેક સદાચારી બાળક કે જે પોતાનાં માબાપ તરફ રહેમ અને સ્નેહની નજરે જુએ, તેને પોતાની દરેક નજરના બદલામાં મકબૂલ થયેલી હજના જેટલો સવાબ આપવામાં આવશે." હાજર રહેલા લોકોએ પૂછ્યું, "યા રસૂલલ્લાહ (સ.)! જો તે એક દિવસમાં એકસો વખત તેમના તરફ નજર કરે તો પણ?" રસૂલલ્લાહ (સ.)એ જવાબ આપ્યો, "બેશક, અલ્લાહ સૌથી વધારે મહાન અને દયાળુ છે."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૪, સફહા–૭૩)

**(૬) માબાપનો મહાન દરજ્જો:**

عَنْ اَبِي الْحَسَنِ الرِّضَا عَلَيْهِ السَّلَامُ قَالَ: اِنَّ اللهَ اَمَرَ بِثَلَاثَةٍ مَّقْرُوْنٍ بِهَا ثَلَاثَةٌ اُخْرٰى: اَمَرَ بِالصَّلَاةِ وَالزَّكَاةِ فَمَنْ صَلّٰى وَلَمْ يُزَكِّ لَمْ تُقْبَلْ مِنْهُ صَلَاتُهٗ وَاَمَرَ بِالشُّكْرِ لَهٗ وَلِلْوَالِدَيْنِ فَمَنْ لَمْ يَشْكُرْ وَالِدَيْهِ لَمْ يَشْكُرِ اللهَ وَاَمَرَ بِاتِّقَآءِ اللهِ وَصِلَةِ الرَّحِمِ فَمَنْ لَمْ يَصِلْ رَحِمَهٗ لَمْ يَتَّقِ اللهَ.

ઈમામ અલી રઝા (અ.)એ ફરમાવ્યું છે, "અલ્લાહ અઝ્ઝ વ જલ્લે ત્રણ બાબતોનો હુકમ કર્યો છે કે જેની સાથે તેણે બીજી ત્રણ બાબતોને જોડી દીધી છે. તેણે ઝકાત અદા કરવાને નમાઝો સાથે એવી રીતે જોડી દીધી છે કે જે કોઈ નમાઝો અદા કરે, પરંતુ તે ઝકાત આપવાથી મોઢું ફેરવી લે, તો તેની નમાઝોને કબૂલ કરવામાં નહીં આવે. તેણે પોતાનો શુક્ર અદા કરવાને માબાપ સાથેના ઉપકારની સાથે એવી રીતે જોડી દીધો છે કે જે કોઈ અલ્લાહનો શુક્ર અદા કરે, પરંતુ માબાપ સાથે અનુપકાર કરે, તો તેણે અલ્લાહ સાથે અનુપકાર કર્યો તેવું માની લેવામાં આવશે. તેણે તકવાને સિલેરહમી સાથે એવી રીતે જોડી દીધો છે કે જે કોઈ સિલેરહમી ન કરે તો તેણે અલ્લાહનો તકવો કરેલો ગણાશે નહીં."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૪, સફહા–૭૭)

**(૭) માબાપ પ્રત્યે દયાભાવ:**

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ: بِرُّ الْوَالِدَيْنِ مِنْ حُسْنِ مَعْرِفَةِ الْعَبْدِ بِاللهِ اِذْ لَا عِبَادَةَ اَسْرَعُ بُلُوْغًا بِصَاحِبِهَا اِلٰى رِضَى اللهِ مِنْ بِرِّ الْوَالِدَيْنِ الْمُسْلِمَيْنِ لِوَجْهِ اللهِ.

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે, "માબાપ પ્રત્યે ભલાઈ દર્શાવવી તે, બંદાની અલ્લાહ

પ્રત્યેની સુંદર માઅરેફતમાંથી છે. આવું એ કારણે છે કે પોતાનાં મુસ્લિમ માબાપ પ્રત્યે કુર્બતન ઈલલ્લાહ સન્માન પ્રદર્શિત કરવા કરતાં વધારે અલ્લાહની ખુશનૂદી અપાવનાર બીજી કોઈ ઈબાદત નથી."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૪, સફહા–૭૭)

**(૮) પોતાનાં માબાપ પ્રત્યે ફરમાબરદારી:**

قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ: مَنْ اَصْبَحَ مُطِيْعًا لِلّٰهِ فِي الْوَالِدَيْنِ اَصْبَحَ لَهٗ بَابَانِ مَفْتُوْحَانِ مِنَ الْجَنَّةِ وَاِنْ كَانَ وَاحِدًا فَوَاحِدًا.

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે, "એ કે જે કોઈ માબાપની ફરમાબરદારીની બાબતમાં અલ્લાહના હુકમોને અનુસરે છે, તેના માટે જન્નતના બે દરવાજા ખોલવામાં આવશે, અને જો તેને એક જ મા કે બાપ હોય, તો તેના માટે જન્નતનો એક દરવાજો ખોલવામાં આવશે."

(કન્ઝુલ ઉમ્માલ, જિલ્દ–૧૬, સફહા–૬૭)

**(૯) સૌથી ઉમદા જગ્યા:**

قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ: اَلْعَبْدُ الْمُطِيْعُ لِوَالِدَيْهِ وَلِرَبِّهٖ فِيْ اَعْلٰى عِلِّيِّيْنَ.

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે, "જે કોઈ પોતાનાં માબાપ પ્રત્યે ફરમાબરદાર હોય, તો તેનો રબ (તેના માટે) કયામતના દિવસે સૌથી ઉમદા જગ્યાઓની વ્યવસ્થા કરશે."

(કન્ઝુલ ઉમ્માલ, જિલ્દ–૧૬, સફહા–૪૬૭)

**(૧૦) કર્ઝની ભરપાઈ:**

عَنْ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ: مَنْ حَجَّ عَنْ وَالِدَيْهِ اَوْ قَضٰى عَنْهُمَا مَغْرَمًا بَعَثَهُ اللّٰهُ يَوْمَ الْقِيَامَةِ مَعَ الْاَبْرَارِ.

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે, "જે કોઈ પોતાનાં માબાપના બદલામાં હજ અદા કરે છે, અને તેમના કર્ઝની ભરપાઈ કરે છે, તો તેને અલ્લાહ કયામતના દિવસે સદાચારી લોકોની સાથે ઊભો કરશે."

(કન્ઝુલ ઉમ્માલ, જિલ્દ–૧૬, સફહા–૪૬૮)

**(૧૧) માબાપને ખુશ રાખવા વિષે:**

قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ: مَنْ اَرْضٰى وَالِدَيْهِ فَقَدْ اَرْضَى اللّٰهَ وَمَنْ اَسْخَطَ وَالِدَيْهِ فَقَدْ اَسْخَطَ اللّٰهَ.

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે, "જે પોતાનાં માબાપને ખુશ રાખે છે તેણે, બેશક, અલ્લાહને ખુશ કર્યો, અને એ કે જેણે પોતાનાં માબાપને ગુસ્સે કર્યાં તેણે, બેશક, અલ્લાહને ગુસ્સે કર્યો."

(કન્ઝુલ ઉમ્માલ, જિલ્દ–૧૬, સફહા–૪૭૦)

**(૧૨) અલ્લાહના અર્શ દ્વારા આશરો અપાયેલો:**

عَنِ الصَّادِقِ عَلَيْهِ السَّلَامُ : قَالَ بَيْنَا مُوْسَى بْنِ عِمْرَانَ يُنَاجِيْ رَبَّهٗ عَزَّ وَجَلَّ اِذْ رَاٰى رَجُلًا تَحْتَ ظِلِّ عَرْشِ اللّٰهِ عَزَّ وَجَلَّ. فَقَالَ يَا رَبِّ مَنْ هٰذَا الَّذِيْ قَدْ اَظَلَّهٗ عَرْشُكَ؟ فَقَالَ هٰذَا كَانَ بَارًّا بِوَالِدَيْهِ وَلَمْ يَمْشِ بِالنَّمِيْمَةِ.

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું,

"એક વાર હઝરત મૂસા (અ.) પોતાના રબ અઝ્ઝ વ જલ્લની સાથેની વાતચીતમાં પરોવાયેલા હતા, ત્યારે તેમણે અલ્લાહના અર્શની નીચે એક માણસને જોયો. આ જોઈને આપ (અ.)એ પૂછ્યું, "અય મારા રબ! આ માણસ કોણ છે કે જેને તારા અર્શ દ્વારા આશરો અપાયેલો છે?" અલ્લાહે જવાબ આપ્યો, "આ માણસ પોતાનાં માબાપ પ્રત્યે દયાળુ અને ભલો હતો અને કદી પણ બદગોઈ કરવામાં સંડોવાયેલો ન હતો."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૪, સફ્હા–૬૫)

**(૧૩) મુસાફરી કરો અને ભલાઈ કરનાર બનો:**

قَالَ رَسُوْلُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَآلِهِ: سِرْ سَنَتَيْنِ بَرَّ وَالِدَيْكَ سِرْ سَنَةً صِلْ رَحِمَكَ.

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું, "તમારાં માબાપ પ્રત્યે ભલાઈ કરવા માટે બે વર્ષની પણ મુસાફરી કરો. તમારાં સગાંવહાલાં સાથે સિલેરહમી કરવા માટે એક વર્ષની મુસાફરી (પણ) કરો."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૪, સફ્હા–૮૩)

*હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ને પૂછવામાં આવ્યું કે, "ઈમાન શું છે? શું ઈમાન વાણી અને કાર્યો છે કે કાર્યો વગરની વાણી છે?" તો આપ (અ.)એ ફરમાવ્યું કે, "ઈમાન સંપૂર્ણ રીતે કાર્યો છે, અને વાણી તે બધા કાર્યોનો એક ભાગ છે. ઈમાન અલ્લાહ તરફથી ફરજ કરેલું છે, તેની કિતાબમાં વર્ણવેલું છે, તેનું નૂર સ્પષ્ટ છે, અને તેની હુજ્જત સાબિત છે. અલ્લાહ ઈમાનની ગવાહી કિતાબ વડે આપે છે, અને તેની તરફ દાવત આપે છે. જ્યારે અલ્લાહે પોતાના નબી (સ.)ને બૈતુલ મુકદ્દસથી કા'બા તરફ વાળી દીધા, તો મુસલમાનો નબી (સ.)ને કહેવા લાગ્યા કે, "આપ, અમારી એ નમાઝ વિષે કે જે અમે બૈતુલ મુકદ્દસ તરફ પઢી, શું કહો છો? એ નમાઝના મામલામાં અમારી પરિસ્થિતિ કેવી છે? અને અમારા એ મર્હૂમોની પરિસ્થિતિ પણ કેવી હશે કે જેમણે બૈતુલ મુકદ્દસ તરફ નમાઝ પઢી હતી?" ત્યારે અલ્લાહે* وَمَا كَانَ اللّٰهُ لِيُضِيْعَ اِيْمَانَكُمْ *(પરંતુ અલ્લાહ એવો નથી કે તમારા ઈમાનને વેડફી નાખે)ની આયત નાઝિલ કરી, અને નમાઝને ઈમાનના નામથી ઓળખાવી. તો જેણે અલ્લાહ સાથે એવી રીતે મુલાકાત કરી કે તેના અવયવોને સુરક્ષિત રાખ્યા હોય, અને અલ્લાહે જે તેના ઉપર ફરજ કરેલું હતું, તેને તેના અવયવોએ અદા કરેલું હોય, તો તેણે અલ્લાહ સાથે સંપૂર્ણ ઈમાનની સાથે મુલાકાત કરી, અને તે જન્નતવાળાઓમાંથી હશે. અને જેણે અલ્લાહે ફરજ કરેલી વસ્તુઓમાં જરાય પણ ખયાનત કરી હોય, અથવા તો અલ્લાહના હુકમની વાજિબાતમાં નાફરમાની કરી હોય, તો તેણે અલ્લાહની સાથે અસંપૂર્ણ ઈમાનની સાથે મુલાકાત કરી."*[1]

1 મતાઉસ્સકલૈન લિ - મુજાહિદહુસૈન, ભાગ–૨, સફ્હા–૨૮



# કુરઆન શિક્ષણ

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

## અલ્લાહનાં વખાણ પોતાની ભાષામાં

بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ

إِنْ هُوَ إِلَّا وَحْيٌ يُوحَىٰ ﴿٤﴾

✿ (પણ) તે જે કાંઈ કહે છે, તે તેને વહી કરવામાં આવે છે, તેના સિવાય બીજું કાંઈ નથી.

**(સૂરા નજમ, આયત–૪)**

---

يَسْأَلُهُ مَنْ فِي السَّمَاوَاتِ وَالْأَرْضِ ۚ كُلَّ يَوْمٍ هُوَ فِي شَأْنٍ ﴿٢٩﴾

✿ આકાશો તથા જમીનમાં જે કોઈ છે, તે તેનાથી માગતા જ રહે છે; તે દરરોજ એક નવી શાનમાં[1] હોય છે. **(સૂરા રહમાન, આયત–૨૯)**

---

أَفَرَأَيْتُمْ مَا تُمْنُونَ ﴿٥٨﴾

✿ ભલા જે વીર્ય તમે (ગર્ભાશયમાં) પહોંચાડો છો, તે વિષે વિચાર કર્યો?

**(સૂરા વાકેઆ, આયત–૫૮)**

---

أَأَنْتُمْ تَخْلُقُونَهُ أَمْ نَحْنُ الْخَالِقُونَ ﴿٥٩﴾

✿ તે શું તમે ઉત્પન્ન કરો છો કે અમે ઉત્પન્ન કરનારા છીએ? **(સૂરા વાકેઆ, આયત–૫૯)**

---

وَنَحْنُ أَقْرَبُ إِلَيْهِ مِنْكُمْ وَلَٰكِنْ لَا تُبْصِرُونَ ﴿٨٥﴾

✿ અને અમે (અય સારવાર કરનારાઓ!) તમારા કરતાંય તે (મરનાર)ની વધુ પાસે છીએ, પણ તમને સૂઝતું જ નથી. **(સૂરા વાકેઆ, આયત–૮૫)**

---

1 મનુષ્યે હંમેશાં માગતા જ રહેવું, કારણ કે અલ્લાહ હંમેશ નવી શાનમાં હોય છે, એટલે ક્યારેક ને ક્યારેક માગનારની દુઆ કબૂલ કરી લે છે.

نٓ وَالْقَلَمِ وَمَا يَسْطُرُوْنَ ﴿١﴾

❁ નૂન. કસમ છે કલમની અને તેની કે જે કાંઈ તેઓ (ફરિશ્તા) લખે છે. **(સૂરા કલમ, આયત–૧)**

---

مَآ اَنْتَ بِنِعْمَةِ رَبِّكَ بِمَجْنُوْنٍ ﴿٢﴾

❁ તું તારા પરવરદિગારની કૃપાથી દીવાનો નથી. **(સૂરા કલમ, આયત–૨)**

---

وَالنّٰزِعٰتِ غَرْقًا ﴿١﴾

❁ કસમ છે સખ્તાઈથી (નાસ્તિકોના) પ્રાણ ખેંચી કાઢનારા (ફરિશ્તા)ઓની.

**(સૂરા નાઝેઆત, આયત–૧)**

---

وَّالنّٰشِطٰتِ نَشْطًا ﴿٢﴾

❁ અને ઘણી જ સહેલાઈથી (મોમિનોની) રૂહ (આત્મા) કાઢી લેનારા (ફરિશ્તા)ઓની.

**(સૂરા નાઝેઆત, આયત–૨)**

---

كَلَّآ اِنَّ كِتٰبَ الْفُجَّارِ لَفِيْ سِجِّيْنٍ ﴿٧﴾

❁ સાંભળો! નિ:સંશય દુરાચારીઓની (કરણીનાં) લખાણ સિજ્જીનમાં હશે.

**(સૂરા તત્ફીફ , આયત–૭)**

---

وَمَآ اَدْرٰىكَ مَا سِجِّيْنٌ ﴿٨﴾

❁ અને તને શી ખબર કે સિજ્જીન શું છે.

**(સૂરા તત્ફીફ, આયત–૮)**

---

كِتٰبٌ مَّرْقُوْمٌ ﴿٩﴾

❁ તે એક લખાણ છે (જેમાં દુરાચારીઓની કરણી લખેલી છે). **(સૂરા તત્ફીફ, આયત–૯)**

---

كَلَّآ اِنَّ كِتٰبَ الْاَبْرَارِ لَفِيْ عِلِّيِّيْنَ ﴿١٨﴾

❁ આ પણ સાંભળી રાખો કે નિ:સંશય સદાચારીઓનું લખાણ ઇલ્લીયીનમાં હશે.

**(સૂરા તત્ફીફ, આયત–૧૮)**

---

وَمَآ اَدْرٰىكَ مَا عِلِّيُّوْنَ ﴿١٩﴾

❁ અને તને શી ખબર કે ઇલ્લીયીન શું છે.

**(સૂરા તત્ફીફ, આયત–૧૯)**

# ગુરરુલ હિકમ

(હિકમતની જટિલતા અને ઉપદેશનાં મોતી)

(ઈમામ અલી (અ.)નાં બોધવચનો)

ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ ઓવેસએહમદ એડ. જાફરી




## હિકમત

١٧۔حِكْمَةُ الدَّنِيِّ تَرْفَعُهُ، وَجَهْلُ الشَّرِيْفِ يَضَعُهُ

૧૭. નીચ વ્યક્તિની હિકમત તેને ઉચ્ચતા પ્રદાન કરે છે અને માનનીય વ્યક્તિનું અજ્ઞાન તેને નિમ્ન કક્ષાએ લાવે છે.

١٨۔خُذِ الْحِكْمَةَ اَنّٰى كَانَتْ، فَاِنَّ الْحِكْمَةَ ضَآلَّةُ كُلِّ مُؤْمِنٍ

૧૮. હિકમત જ્યાંથી પણ મળે, સ્વીકારી લો, કારણ કે હિકમત દરેક મોમિનની ગુમ થયેલી વસ્તુ છે.

١٩۔ خُذِ الْحِكْمَةَ مِمَّنْ اَتَاكَ بِهَا، وَانْظُرْ اِلٰى مَا قَالَ، وَلَا تَنْظُرْهُ (١) اِلٰى مَنْ قَالَ

૧૯. તમારી પાસે હિકમત લાવનારની વાત સ્વીકારી લો અને તે ન જુઓ કે કોણ તેને લાવ્યું છે; ફક્ત લાવેલી બાબત સામે જ જુઓ.

٢٠۔زَيْنُ الْحِكْمَةِ الزُّهْدُ فِي الدُّنْيَا

૨૦. હિકમતની શોભા દુન્યવી બાબતોમાં અરુચિ છે.

٢١۔ضَآلَّةُ الْعَاقِلِ الْحِكْمَةُ، فَهُوَ اَحَقُّ بِهَا حَيْثُ كَانَتْ

૨૧. હિકમત એ બુદ્ધિશાળી માણસની ખોવાયેલી વસ્તુ છે, માટે તે જ્યાંથી પણ મળે ત્યાંથી તેને મેળવવાનો તેને વધારે અધિકાર છે.

٢٢۔ضَآلَّةُ الْحَكِيْمِ الْحِكْمَةُ، فَهُوَ يَطْلُبُهَا حَيْثُ كَانَتْ

૨૨. હિકમત વિવેકબુદ્ધિવાળા માણસની ખોવાયેલી વસ્તુ છે, તેથી તે જ્યાં હોય ત્યાંથી તેને શોધી કાઢે છે.

٢٣۔عَلَيْكَ بِالْحِكْمَةِ فَاِنَّهَا الْحِلْيَةُ الْفَاخِرَةُ

૨૩. તમારા માટે હિકમત આવશ્યક છે, કારણ કે, ખરેખર તે એક આકર્ષક ઘરેણું છે.

૨૪. સમજુ લોકોનું ઇનામ હિકમત શીખવી તે છે.

٢٤- غَنِيمَةُ الْاَكْيَاسِ مُدَارَسَةُ الْحِكْمَةِ

૨૫. કોઈક વાર હિકમતની વાત બુદ્ધિહીન માણસના મુખેથી પણ નીકળે છે.

٢٥- قَدْ يَقُوْلُ الْحِكْمَةَ غَيْرُ الْحَكِيْمِ

૨૬. હિકમતને ચારિત્ર્યના રક્ષણ સાથે જોડી દેવામાં આવી છે.

٢٦- قُرِنَتِ الْحِكْمَةُ بِالْعِصْمَةِ

૨૭. દરેક બાબતથી થાકી જવાય છે, સિવાય કે નવીનતમ હિકમત.

٢٧- كُلُّ شَيْءٍ يُمَلُّ مَا خَلَا طَرَآئِفَ الْحِكَمِ

૨૮. હિકમતના સાથ વિના દુશ્મનો સામે કેવી સબ્ર કરી શકાય?

٢٨- كَيْفَ يَصْبِرُ عَلٰى مُبَايَنَةِ الْاَضْدَادِ مَنْ لَّمْ تُعِنْهُ الْحِكْمَةُ

૨૯. જેમ જેમ હિકમત મજબૂત થતી જાય છે, તેમ તેમ વાસના ઘટતી જાય છે.

٢٩- كُلَّمَا قَوِيَتِ الْحِكْمَةُ ضَعُفَتِ الشَّهْوَةُ

૩૦. હિકમત હાસિલ કરવાથી વાણી સુંદર થાય છે અને વર્તણૂક સુધરે છે.

٣٠- كَسْبُ الْحِكْمَةِ اِجْمَالُ النُّطْقِ، وَاسْتِعْمَالُ الرِّفْقِ

૩૧. જેમાં સંપૂર્ણપણે હિકમત હોય છે, તેનું જીવન નિરસ થતું નથી.

٣١- مَنْ تَفَكَّهَ بِالْحِكَمِ لَمْ يَعْدَمِ اللَّذَّةَ

૩૨. જે હિકમત સાથે સંકળાઈ જાય છે, તે પોતાની જાતને ઉમદા બનાવે છે.

٣٢- مَنْ لَهِجَ بِالْحِكْمَةِ فَقَدْ شَرَّفَ نَفْسَهُ

૩૩. જે પોતાની હિકમત માટે ખ્યાતિ ધરાવે છે, તેને લોકો માનપૂર્વક જુએ છે.

٣٣- مَنْ عُرِفَ بِالْحِكْمَةِ لَاحَظَتْهُ الْعُيُوْنُ بِالْوَقَارِ

૩૪. જે હિકમત મેળવી લે, તે ભૂતકાળમાંથી બોધપાઠ ગ્રહણ કરતો થઈ જાય છે.

٣٤- مَنْ ثَبَتَتْ لَهُ الْحِكْمَةُ عَرَفَ الْعِبْرَةَ

૩૫. અદૃશ્ય ખજાનાઓમાંથી હિકમત જાહેર થાય છે.

٣٥- مِنْ خَزَآئِنِ الْغَيْبِ تَظْهَرُ الْحِكْمَةُ

૩૬. તમારાથી ઉચ્ચ મર્તબાવાળાના હુકમો માનવા, તમારા સમકક્ષ લોકોની આમન્યા જાળવવી અને તમારા હાથ નીચેના લોકો સાથે ન્યાયપૂર્ણ વલણ અપનાવવું તે પણ હિકમત જ છે.

٣٦- مِنَ الْحِكْمَةِ طَاعَتُكَ لِمَنْ فَوْقَكَ وَاِجْلَالُكَ مَنْ فِيْ طَبَقَتِكَ، وَاِنْصَافُكَ لِمَنْ دُوْنَكَ



હઝરત અલી (અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજ્જતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

# نهج الاسرار
# નહ્જુલ અસરાર

સંપાદક : મોલવી સૈયદ ગુલામહુસૈન રઝા

અનુવાદક : મો.કાસિમભાઈ વિજાપુરા

(ગતાંકનું ચાલુ)

## (૩) ખુત્બો

(શુરહ્બીલનો સંદેશો અને હઝરત અમીરુલ મોમિનીન (અ.)નો જવાબ)

(સિફ્ફીન પહોંચ્યા પછી પણ હઝરત અમીરુલ મોમિનીન (અ.)એ હિદાયત, નસીહત અને ઈમાનની દાવતમાં કોઈ કસર ન રાખી, અને મુઆવિયાની પાસે પોતાના અનેક અસ્હાબ દ્વારા કહેણ મોકલ્યું કે, તે સાચા રસ્તા પર આવી જાય અને ખૂનરેજીથી બચે. પરંતુ મુઆવિયાએ દરેક વખતે એ જ જવાબ આપ્યો કે, ઉસ્માનના કાતિલોને તેના હવાલે કરી દો અને આપ ખિલાફતથી વિરક્ત થઈ જાઓ. એવી રીતે હબીબ ઈબ્ને મસ્લમા અને શુરહ્બીલ દ્વારા પણ મુઆવિયાએ આવું કહેણ મોકલ્યું; જેના જવાબમાં આપ (અ.)એ તે બન્નેને ફરમાવ્યું:)

બેશક! અલ્લાહે નબી (સ.)ને મબઊસ કર્યા કે જેથી લોકોને ગુમરાહી અને હલાકતથી બચાવે અને એ ફિરકાપરસ્તીથી નજાત આપે કે જે તેમનામાં પહેલાંથી મોજૂદ હતી. પછી અલ્લાહે દુનિયાથી તેમને ઉઠાવી લીધા. આપ (સ.)એ રિસાલતનો હક અદા કર્યો કે જે આપ (સ.)ને કરવાનો હતો. તેમના પછી લોકોએ અબૂ બક્રને ખલીફા બનાવ્યા, પછી અબૂ બક્રએ ઉમરને ખલીફા બનાવ્યા. અમે આલે રસૂલ (અ.) છીએ અને એના સૌથી વધારે હકદાર છીએ. એ બન્નેએ અમારી ઉપેક્ષા કરી. પછી લોકોએ ઉસ્માનને પોતાના વલી બનાવ્યા. એમણે કેટલાંક કામ એવાં કર્યાં કે લોકોએ તેના કારણે તેમના પર એબ લગાવ્યા, વિદ્રોહ કર્યો અને તેમને કતલ કરી દીધા. ત્યાર પછી લોકો મારી પાસે આવ્યા. જો કે, હું તેમના કાર્યથી બિલકુલ પરે થઈને ઘરમાં જ રહેતો હતો. તેમણે કહ્યું કે, તેઓ મારી બૈઅત કરવા ઈચ્છે છે, પરંતુ મેં ઈન્કાર કર્યો. પછી તેમણે કહ્યું કે, “બૈઅત લઈ લો, કેમ કે ઉમ્મત આપના સિવાય

બીજા કોઈની બૈઅત પર રાજી નથી. અમને ડર છે કે જો આપ અમારી વિનંતીનો સ્વીકાર નહીં કરો, તો ઉમ્મત પરેશાન અને વેરવિખેર થઈ જશે." એટલા માટે મેં તેમનાથી બૈઅત લીધી.

પછી બે જાણના ઈખ્તેલાફના — કે જેમણે પહેલાં મારી બૈઅત કરી દીધી હતી — અને મુઆવિયાની નાફરમાનીના સિવાય મને કોઈનો વિરોધ ન દેખાયો. આ (મુઆવિયા) એ જ છે કે જેના માટે અલ્લાહે દીનમાં કોઈ અગ્રેસરતા(સબકત) નથી રાખી. અને ન તો ઈસ્લામની તારીખમાં તેને કોઈ સત્યતા પ્રાપ્ત છે, પરંતુ તે તો તલીક[1] ઈબ્ને તલીક છે. તે અને તેનો બાપ એવાં ટોળાંમાંથી છે કે જેમણે અલ્લાહથી, તેના રસૂલ (સ.)થી અને મુસલમાનોથી દુશ્મનીને ક્યારેય છોડી ન હતી. એટલે સુધી કે તે બન્ને મજબૂર થઈને અને નફરત કરતાં કરતાં ઈસ્લામમાં દાખલ થયા. મને તમારા પર, તમારા એને સાથ આપવા પર, તેની ઈતાઅત કરવા પર અને પોતાના નબી (સ.)ની અહલેબૈત (અ.)ને છોડી દેવા પર નવાઈ લાગે છે, કે જેમની સાથે દુશ્મની અને વિરોધ હરગિઝ જાઈઝ નથી અને ન તો એ જાઈઝ છે કે આમ લોકોમાંથી કોઈ એક વ્યક્તિને પણ તેમના પર શ્રેષ્ઠતા આપવામાં આવે. હું તમને અલ્લાહની કિતાબ અને સુન્નતે નબી (સ.) તરફ, બાતિલનો નાશ કરવા તરફ અને દીનની નિશાનીઓને જીવંત કરવા તરફ દાવત આપું છું. હું આટલું જ કહું છું અને હું અલ્લાહથી તમામ મોમિન પુરુષ અને સ્ત્રી તથા મુસલમાન પુરુષ અને સ્ત્રી માટે મગ્ફેરત તલબ કરું છું.

1 તલીકનું બહુવચન છે તુલકા. તેનો શાબ્દિક અર્થ થાય આઝાદ કરેલા ગુલામો. આ એ મક્કાવાસીઓનું નામ છે કે જેઓ ફત્હે મક્કા સુધી મુશરિક રહ્યા અને રસૂલલ્લાહ (સ.)થી લડતા રહ્યા. તેમણે ફત્હે મક્કા વખતે ઈસ્લામને સ્વીકાર્યો. રસૂલલ્લાહ (સ.)એ તેમને આઝાદ કરેલા માણસો જાહેર કર્યા.

## (૪) અબૂ દરદા અને અબૂ હુરૈરાનો સંદેશ અને અમીરુલ મોમિનીન (અ.)નો જવાબ

શુરહબીલથી અમીરુલ મોમિનીન (અ.)નો જવાબ સાંભળ્યા પછી મુઆવિયાએ અબૂ દરદા અને અબૂ હુરૈરા દ્વારા પોતાના આરોપો અને ઈચ્છાઓને દોહરાવી કે, "પહેલાં તો ઉસ્માનના કાતિલોને મારા હવાલે કરી દેવામાં આવે, જેથી તેમનાથી ઉસ્માનના ખૂનનો કિસાસ લેવામાં આવે. ત્યાર પછી ફરમાબરદારીના સવાલ પર વિચાર કરવામાં આવશે." અમીરુલ મોમિનીન (અ.)એ તેનો જવાબ અબૂ દરદા અને અબૂ હુરૈરાને આ રીતે આપ્યો,

"તમે સંદેશો પહોંચાડવાનો હક અદા કરી દીધો અને તમારા સંદેશાના મકસદને સ્પષ્ટ કરી દીધો. હવે મારો જવાબ સાંભળો અને મુઆવિયાને સંભળાવી દો. જો ઉસ્માન સાચા ખલીફા હતા અને ઈમામત માટે યોગ્ય હતા, તો તેમનું ખૂન હરામ, તેમની મદદ વાજિબ અને તેમને તેમના

હાલ પર છોડી દેવા ગુનોહ હતો. જો તેમણે આ ખિલાફતને ગસબ કરીને પ્રાપ્ત કરી હતી, તો તેમનું શાસન અને ઈમામત ગુમરાહી તરફ લઈ જનારાં, તેમનું ખૂન હલાલ અને તેમની મદદ હરામ ગણાય. આ બન્ને પરિસ્થિતિઓ સિવાય કોઈ ત્રીજી પરિસ્થિતિ શકય નથી. એ પણ જાહેર છે કે જ્યારે કોઈને ઈમામ ગણાવવામાં આવી ચૂકયો હોય, ભલે ને તે મોમિન હોય કે મુત્તકી, અથવા ફાસિક હોય કે ફાજિર, તો અલ્લાહના હુકમ અને શરીઅતના કાનૂનની નજરમાં મુસલમાન પર વાજિબ છે કે તેનાં કાર્યોમાં દખલ ન કરે અને તેના વિરુદ્ધ હાથ અથવા ઝબાનનો ત્યાં સુધી ઉપયોગ ન કરે, જ્યાં સુધી કે પોતાના માટે ઈમામે આદિલ, ફરજો અને સુન્નતોને જાણનાર, હોશિયાર અને દૂરંદેશ નકકી ન કરી લે, જેથી તે તેમના વચ્ચે અદ્લ અને ઈન્સાફ કરે, તેમની સરહદોની હિફાઝત કરે, તેમની બધી જ હાલતો પર વિચાર કરે અને તેમના સદકાઓનો યોગ્ય ઉપયોગ કરે. એ સમયે કતલ થયેલા ઈમામ વિષે નવા ઈમામથી વાત કરે, ભલે તે નાહક માર્યો ગયો હોય અથવા હક પર. એ કતલ થયેલ ઈમામના વારિસો નવા ઈમામની પાસે હાજર થાય અને તેમને પોતાની મરજીથી પરિચિત કરે. ખલીફાને પસંદ કરવાનો હક અલ્લાહ અને તેના રસૂલ (સ.)ને પ્રાપ્ત છે, તો અલ્લાહે ખલીફાને પસંદ કરવાથી અને તેની બાબતમાં વિચાર કરવાથી લોકોને રોકી દીધા છે. અલ્લાહના રસૂલ (સ.)એ લોકો માટે તેમના ઈમામ પસંદ કરી દીધા છે, અને રસૂલલ્લાહ (સ.)એ હુકમ આપ્યો છે કે એ ઈમામ અને ખલીફાની પૈરવી કરો. ઉસ્માનના કતલ પછી બધા જ મુહાજિરીને અને અન્સારે ત્રણ દિવસ સુધી મશ્વેરો કર્યો, ત્યાર પછી જ મારાથી બૈઅત કરી. બદ્રના ગાઝીઓ અને સાબેકીન મુહાજિર પણ તેમાં હાજર થયા હતા. આ એ જ ટોળું હતું કે જેણે લોકોથી મશ્વેરો કર્યા વગર ત્રણેય ખલીફાઓની બૈઅત કરી હતી, પણ મારી બૈઅતના સમયે લોકો સાથે મશ્વેરો કર્યો હતો. હવે, જો અલ્લાહ તઆલાએ આ કાર્યને ઉમ્મતના ઈખ્તિયારમાં અને તેમની બહુમતમાં ગણી દીધું હોય, તો તેમણે મને પસંદ કર્યો છે. તો હવે, મુઆવિયા પર પણ મારી ઈતાઅત વાજિબ થઈ ચૂકી છે. અને જો આ બાબતમાં ઉમ્મતને કોઈ ઈખ્તિયાર નથી અને અલ્લાહના હુકમ વગર કોઈ હુકૂમત નથી કરી શકતો, તો અલ્લાહની કિતાબ અને સુન્નતે રસૂલ (સ.) મુજબ આ ખિલાફત મારા જ માટે છે. અય અબૂ દરદા અને અબૂ હુરૈરા! હવે બતાવો કે જો ઉસ્માનને અબૂ બક્ર અને ઉમરના સમયગાળામાં કતલ કરી દેવામાં આવતા, તો શું મુઆવિયા તેમના ખૂનનો તલબગાર બનીને તેમના પર ખુરૂજ કરત?"

તેમણે જવાબ આપ્યો કે, "કોઈ વાત પણ ન કરત."

ઈમામ (અ.)એ ફરમાવ્યું કે, "જો મુઆવિયા એમ કહે કે, "તે ત્રણેય ખલીફાના જમાનામાં પણ આવું જ કરત." તો તમે એને કહેજો કે, "દરેક એ માણસનું કતલ જાઈઝ છે કે જેણે જુલ્મ કર્યો હોય." શું મકતૂલ માટે એ જાઈઝ છે કે મુસલમાનોના અવયવોને ચીરી નાખે, અર્થાત્ એકતાને ટુકડે ટુકડા કરી નાખે અને ઈમામે ઝમાના પર ખુરૂજ કરે અને મુસલમાનોને વેરવિખેર કરે? જો કે, ઉસ્માનના દીકરાઓ હાજર છે અને તેઓ જ પોતાના બાપના ખૂનનો કિસાસ માગવાના સૌથી વધારે હકદાર છે."

અબૂ દરદા અને અબૂ હુરૈરાએ કહ્યું કે, "અલી (અ.)એ આ વાત ઈન્સાફની કહી."

આપ (અ.)એ ફરમાવ્યું કે, "મારા જીવની કસમ, જો મુઆવિયા મારી સચ્ચાઈની દાદ આપે, અને સચ્ચાઈથી વાત કરે, તો આ બાબત જંગ અને જોશને ખતમ કરી દેશે અને મુસલમાનોને આ રંજ, તકલીફ અને અઝાબથી મુકત કરી દેશે. ઉસ્માનના દીકરાઓ મુઆવિયાની પાસે જ હાજર છે, તેઓ નાનાં બાળકો નથી અને ખૂંબહા ઈચ્છે છે, તથા ઉસ્માનના કાતિલો મારા લશ્કરમાં છે. ઉસ્માનના ફરઝંદોને જોઈએ કે મારી પાસે હાજર થાય, તો હું ઉસ્માનના કાતિલોની બાતમી મેળવીશ અને તેમના દરમિયાન અલ્લાહની કિતાબ અને રસૂલ (સ.)ની સુન્નત પ્રમાણે હુકમ આપીશ કે જો ઉસ્માનની કતલ વાજબી હતી, તો તેમના ખૂનની માંગણી બાતિલ ગણાશે, નહીંતર તેમના કાતિલોને ઉસ્માનના ફરઝંદોને સોંપી દઈશ. જો તેઓ ઈચ્છે, તો તેમને કતલ કરી દે અથવા ખૂંબહા લે અથવા માફ કરી દે. જો મુઆવિયાની ઈચ્છા હોય કે ઉસ્માનના ફરઝંદોની વકાલતમાં મારાથી વાત કરે, તો પણ કોઈ વાંધો નથી. તે હાજર થઈને દાવો રજૂ કરે."

અબૂ દરદા અને અબૂ હુરૈરાએ કહ્યું, "કોઈ માણસ આમના કરતાં બહેતર ઈન્સાફની વાત નથી કરી શકતો. યા અલી! આપે ઈન્સાફની પરાકાષ્ઠા કરી દીધી."

આપ (અ.)એ મુઆવિયાની દલીલને બાતિલ કરી દીધી, તથા એવી મજબૂત અને સાચી દલીલ રજૂ કરી કે જેમાં કોઈ પ્રકારની મિલાવટ ન હોય. જ્યારે અબૂ દરદા, અબૂ હુરૈરા અને અમીરુલ મોમિનીન (અ.) બહાર આવ્યા, તો વીસ હજાર જણ માથા પર લોખંડના ટોપા પહેરેલા મળ્યા અને કહેવા લાગ્યા કે, "અમે ઉસ્માનને કતલ કર્યા છે અને એકરાર કરીએ છીએ કે અમીરુલ મોમિનીન (અ.) અમારા વિરુદ્ધ અથવા અમારા હકમાં જે પણ ફેંસલો કરે, અમે તેના પર રાજી છીએ."

ત્યાર પછી બન્નેએ પાછા જઈને મુઆવિયાને અમીરુલ મોમિનીન (અ.)નો જવાબ સંભળાવી દીધો. (કિતાબુસ્સકીફા સુલૈમ ઈબ્ને કૈસ)



હઝરત પીર મશાયખ (રહ.) કૃત...

# મશાયખવાણી

**મક્તૂલનામા**

**● સત ગોર પીર મશાયખ વાચા ●**

**બયાન નં.૨૬૮**

**ભાષા - બરહા**

**સુબ્હાન ખાલિક આપ હેં, પાકી હેં ઉસકી ઝાત રે,**
**કામ તો વે ચાતા કરે, સહી કર બૂઝને બાત રે.**

*આપણો સર્જનહાર અલ્લાહ પાકોપાકીઝા છે, અને તેની ઝાત પણ પાકોપાકીઝા છે. જે ઈચ્છે છે તેવાં કામો કરે છે. આ વાતને સાચી જાણજો.*

**ફરઝંદ પ્યારે નબીકે, ઘીરીએ તો રણકે માંહેં રે,**
**તરસે તો સૂકી જીભ થી, પાણી પીણે ના પાય રે.**

*નબી સાહેબના પ્યારા ફરઝંદો રણમેદાનમાં ઘેરાયેલા છે, અને તરસથી તેમની જીભ પણ સૂકાયેલી હતી, અને પીવા માટે પાણી પણ ન મળ્યું.*

**બેટે તો ઈમામ હસનકે, અબ્દુલ્લાહ સુનો નામ રે,**
**ગુલાબ ગુલસે તરસે, રહે વે રણકે માંહીં રે.**

*સાંભળો કે ઈમામ હસન (અ.)ના બેટા કે જેમનું નામ અબ્દુલ્લાહ સાહેબ છે, ગુલાબના ફૂલ જેવા છે. તેઓ રણમેદાનમાં તરસ્યા રહ્યા.*

**માતા તો ઝૂરે દુઃખસું, હૈયા ભરાવે મેહ રે,**
**ખૂબી તો ફરઝંદ કેરડી, દેખ દેખ ઝૂરે દેહ રે.**

*એમની મા દુઃખથી ઝૂરી રહ્યાં હતાં, અને દિલમાં (વરસાદી વાદળોની જેમ) ઘણું દુઃખ ભરેલું હતું, પોતાના બેટાની ખૂબી જોઈને શરીર પણ તડપી રહ્યું હતું.*

**હૈયા તો ગરજે દુઃખ ભરા, નેનું ભરાયા નીર રે,**
**ફરઝંદકા દુઃખ લાગીયા, હોવે ના તલ ભી ધીર રે.**

*એમનું દિલ દુઃખથી ગરજી રહ્યું હતું, અને આંખોમાં આંસુ ભરેલાં હતાં, બેટાનું આવું દુઃખ દિલમાં લાગેલું હતું, જેથી જરા પણ ચેન પડતું ન હતું.*

**અહલેબૈત તબ રોએ સભી, નેનું તો ઝારોઝાર રે,**
**અબ્દુલ્લાહ કેરે નેહસું, રોએ તો કરને પ્યાર રે.**

*અબ્દુલ્લાહ સાહેબની મોહબ્બતના કારણે*

*બધાં જ અહલેબૈત (અ.) ઝારોકતાર રડવા લાગ્યાં.*

**ભાઈ તો નાને ટલવલે, કાસિમ જનુંકા નામ રે,**
**ભરભર નેનાં રોઈએ, કરબલા કેરે ઠામ રે.**

*નાના ભાઈ કે જેમનું નામ જનાબે કાસિમ (અ.) હતું, તે તરફડિયાં મારી રહ્યા હતા, અને કરબલાના મેદાનમાં તેઓ આંખોમાં આંસુ ભરી ભરીને રડવા લાગ્યા.*

**આંસુ તો ઝારઝાર ચલીએ, આએ શહઝાદેકે પાસ રે,**
**બેગે તો આએ ધસ કર, કાજ રજાકી આશ રે.**

*આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં તેવી હાલતમાં ઈમામ હુસૈન (અ.)ની પાસે એકાએક જલ્દીથી રજા મેળવવાની આશાએ આવ્યા.*

**સુનો શહઝાદે સાહેબ, મુજકું રજા દોને સહી રે,**
**બેર મેં દેખું ભાઈકા, બાત તો એ કાસિમે કહી રે.**

*જનાબે કાસિમ (અ.)એ કહ્યું કે, સાંભળો, અય મારા બાદશાહ! અય મારા સાહેબ! મને રજા આપો, હું રણમાં જઈને મારા ભાઈનો બદલો લઉં.*

**તબ શહઝાદેને ના કહ્યા, બોતેરા ફરમાઈયા રે,**
**દિલ દુઃખ બાદલ છાઈયા, વે છુપા કરને રાખીયા રે.**

*તેમણે ઘણી જ અરજ કરી, પણ ઈમામ હુસૈન (અ.)એ ના પાડી, તો દિલમાં દુઃખનાં વાદળ છવાઈ ગયાં, પરંતુ તે દુઃખ છુપાયેલું રાખ્યું.*

**શહઝાદેને બોત રુદન કિયા, નેનું તો ભરભર નીર રે,**
**નેનું તો કાસિમ દેખતે, હોવે ના દિલકું ધીર રે.**

*જનાબે કાસિમ (અ.)ની આંખોમાં આંસુ જોઈને ઈમામ હુસૈન (અ.)ના દિલમાં તે સહન ન થઈ શક્યું, અને એ પણ ખૂબ જ રડવા લાગ્યા, અને આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં.*

**બયાન નં.૨૬૯**

**સુનો ભતીજેને ચચા પાસ, બોત રજા રે મંગાઈ,**
**પણ શહઝાદેને રજા, ના રે દિલાઈ.**

*સાંભળો કે ભત્રીજાએ કાકાની પાસે ઘણી વાર રજા માગી, પણ ઈમામ હુસૈન (અ.)એ તેમને રજા ન આપી.*

**તબ કાસિમને ફેર ફેર, અરજ રે કિતી,**
**પણ શહઝાદેને ના, કહી રે સુણિતી.**

*ત્યારે જનાબે કાસિમ (અ.) વારે ઘડીએ અરજ કરવા લાગ્યા, પણ ઈમામ હુસૈન (અ.)એ તેમને ના પાડી, એવું સાંભળ્યું છે.*

**તબ હાથ આવ પકડા, કાસિમકી માતા,**
**ખેંચ તંબુમાં લે ગએ, એસા રે સુણાતા.**

*ત્યારે જનાબે કાસિમ (અ.)ની માએ આવીને તેમનો હાથ પકડ્યો, અને હાથ પકડીને તેમને ખેંચીને ખૈમામાં લઈ ગયાં, એવું સાંભળ્યું છે.*

**સો રુદન રે કરતે, માતા કાસિમકી આએ,**
**અને કાસિમકું ખેંચ કર, ખૈમેંમાં બાએ.**

*અને જનાબે કાસિમ (અ.)ની મા રડતાં રડતાં આવ્યાં, અને જનાબે કાસિમ (અ.)ને ખેંચીને ખૈમાની અંદર લઈ ગયાં.*

**તબ કાસિમકું એક બાત, યાદ રે આઈ,**

**જે ઉનુંકે બાવાને, થી કિતી રે અગાઈ.**

*ત્યારે જનાબે કાસિમ (અ.)ને એક વાત યાદ આવી કે જે તેમના પિતાએ પહેલાંથી જ ભવિષ્યના બનાવની ખબર આપેલી હતી.*

**સો તા'વીઝ રે લખ કર, બાજુંકું બંધાયા,**
**અને ઈમામઝાદે કાસિમકું, થા એતના બતાયા.**

*અને તા'વીઝ લખીને તેમના બાવડા પર બંધાવેલું હતું, અને ઈમામના બેટા, જનાબે કાસિમ (અ.)ને આટલું કહ્યું હતું.*

**કે જબ તો મુશ્કેલી, પડે તમુંકું કામા,**
**તબ દેખીયો એ તા'વીઝ, ખોલ ઉસ રે ઠામા.**

*કે જ્યારે તમને કોઈ કામમાં મુશ્કેલી પડે ત્યારે આ તા'વીઝ ખોલીને તે સમયે જોજો.*

**પીછે તા'વીઝમાં જેસા, લખા રે જાનો,**
**તબ વેસા રે કામ, તમે કિજીયો માનો.**

*પછી તા'વીઝમાં જે પ્રમાણે લખેલું જુઓ, ત્યારે તમે તે લખ્યા પ્રમાણે અમલ કરજો.*

**તબ કાસિમકું યાદ, આઈ વે બાતા,**
**તબ તા'વીઝ ખોલ કર, ઉનું પઢા રે સુણાતા.**

*ત્યારે જનાબે કાસિમ (અ.)ને તે વાત યાદ આવી, અને તેમણે તા'વીઝ ખોલીને વાંચ્યું, એવું સાંભળ્યું છે.*

**થા તા'વીઝમાં લખિયા, નસીહત બેના,**
**વે કાસિમને ખોલ કર, સબ દેખા રે નેનાં.**

*એ તા'વીઝમાં શિખામણની વાતો લખેલી હતી, તે જનાબે કાસિમ (અ.)એ પોતાની નજરે જોઈ લીધી.*

**એ સુન સુન બાતી, સહી કર લિજે,**
**અને એક કર રબકું, મન એતના દિજે.**

*આ વાતો સાંભળીને સાચી માનજે, અને અલ્લાહને એક માનીને મનમાં આટલું જાણજે.*

**રેતૂહી**

**બાજુંબંદ ઈમામઝાદા કાસિમકું,**
**લખા થા બાંધા જાન રે, લખા થા બાંધા જાન;**
**સો નસીહતથી લખી સહી,**
**ઈમામ હસનને માન રે, ઈમામ હસનને માન.**

*ઈમામના બેટા, જનાબે કાસિમ (અ.)ના બાવડા પર તા'વીઝ લખીને બાંધવામાં આવ્યું હતું, જેમાં ઈમામ હસન (અ.)એ શિખામણની વાતો લખેલી હતી.*


જાફરી આવાઝ (માસિક)માં લવાજમ, જાહેરાત, ડોનેશન, અવસાન નોંધ કે કોઈ સારા સમાચાર, વગેરે મોકલવા માટે સંપર્ક કરો:

**મોમિન રઝાઅલી ખણુશીયા**

જાફરી આવાઝ (માસિક) ઑફિસ

મેહેર લાઈબ્રેરી એન્ડ જાફરી સેમિનરી,

મકતબા જાફરીયા, સેદ્રાણા સ્કવેર, સેદ્રાણા.

મોબાઈલ: **84604 92429**


Trusted Since
2014
MARVEL
JEWELLERS
દરેક પ્રસંગની ઉજવણીને
ભવ્ય બનાવો
નવીન અને આકર્ષક
ડીઝાઈન્સ સાથે
વર્ષોનો વિશ્વાસ
100% BIS હોલમાર્ક
100% બાયબેકની ગેરંટી
મારવેલ જ્વેલર્સની મેનેજમેન્ટની શાખાઓ
મુંબઈ
દુ.નં. 3/એ, હરયુ સિંધ બહાર કો.ઓ. સોસાયટી,
ફીશ માર્કેટની નજીક, બહેરામ બાગ રોડ,
જોગેશ્વરી, મુંબઈ-400102
+91 99205 56429
સિદ્ધપુર
દુ.નં. 38-39, શ્લોક એમ્પાયર,
તાવડીયા ચાર રસ્તા, સિદ્ધપુર-384151
+91 73595 70530
છાપી
દુ.નં. 2, સાગર કોમ્પ્લેક્ષ, પીરોજપુરા રોડ,
છાપી હાઈવે-385210
+91 76988 29593
વદાણી
પ્રોપર્ટી નં. 1/291-292-293, સુપર માર્કેટની
બાજુમાં, વદાણી-મેસર રોડ, લક્ષ્મીપુરા,
જી. પાટણ - 384265
+91 63571 60571
અમદાવાદ
દુ.નં. 26, હિમાલીયા ફલકનુમા, રોયલ અકબર
ટાવરની પાછળ, APMC - સરખેજ રોડ,
જુહાપુરા, અમદાવાદ - 380055
+91 70695 70530
સુરત
HAYATT JEWELLERS
ગ્રાઉન્ડ ફ્લોર, શોપ નં. 1-2-3, બ્લોસમ એવન્યુ,
અડાજણ પાટીયા, સુરત પીન-૩૯૫૦૦૯
+91 87805 30370
www.marveljewellers.com
info@marveljewellers.com
MARVEL JEWELLERS

# میر انیس مرثیہ

# મીર અનીસના મરસિયા



મરસિયા–૧૮ (ગતાંકનું ચાલુ) مرثیہ-۱۸

**હરમે પાકનું અસીર બનીને શામમાં જવું દરબારે યઝીદમાં હઝરત બીબી ઝૈનબ (અ.)નો ખુત્બો**

**حرمِ پاک کا اسیر ہو کے شام میں جانا دربارِ یزید میں حضرت بی بی زینبؑ کا خطبہ**

کہا ظالم نے کہ ہاں قیدیوں کو لاؤ قریب — حکم یہ سنتے ہی دوڑے گئے دو چار نقیب
૨૨
شرم کے مارے ہوا بیبیوں کا حال عجیب — اپنا سر پیٹ کے بانو نے کہا وائے نصیب

کھینچ کر سب کو ستمگار جو لے جانے لگے
حضرتِ زینبؑ و کلثومؑ کو غش آنے لگے

(જાલિમ યઝીદે કહ્યું કે, “હા, કેદીઓને મારી નજીક લાવો.” આ હુકમ સાંભળતાં જ બે ચાર છડીદાર દોડીને ગયા. શરમને લીધે બીબીઓની અજીબ હાલત થઈ. પોતાનું માથું કૂટીને બાનૂએ કહ્યું કે, ‘હાય નસીબ!’. બધાંને ખેંચીને જાલિમો જ્યારે લઈ જવા લાગ્યા, તો હઝરત બીબી ઝૈનબ (અ.) અને હઝરત બીબી કુલસૂમ (અ.)ને ગશ આવવા લાગ્યા.)

تخت کے سامنے روتے ہوئے آئے جو اسیر — دیکھ کر سیدِ سجادؑ کو بولا وہ شریر
૨૩
سرکشی کر کے نہ سر بر ہوئے مجھ سے شبیرؑ — شکر کرتا ہوں کہ خالق نے کیا تم کو حقیر

بیٹھنے کا کہیں دنیا میں سہارا نہ رہا
پنجتن اٹھ گئے اب زور تمہارا نہ رہا

(જ્યારે કેદીઓ તખ્તની સામે રડતાં રડતાં આવ્યાં, તો તે કમઝાત (યઝીદ) સૈયદે સજ્જાદ (અ.)ને જોઈને બોલ્યો કે, “મારી સામે માથું ઊંચકીને શબ્બીર (અ.) જીતી ન શકયા. શુક્ર કરું છું કે અલ્લાહે તમને અપમાનિત કર્યા. દુનિયામાં તમારા માટે કરાર (પામવા)ની કોઈ જગ્યા બાકી ન રહી. પંજેતન (અ.) જતા રહ્યા, હવે તમારું જોર બાકી ન રહ્યું.)

૨૪

ہاں کہو آج حمایت کو پیمبرؐ ہیں کہاں؟ — کیا ہوئے ابنِ علیؑ حیدرِؑ صفدر ہیں کہاں؟

قید میں ان کی بہو آتی ہے شبّرؑ ہیں کہاں؟ — ننگے سر زینبِؑ دلگیر ہے سرور ہیں کہاں؟

ذبح خنجر سے ہوا جو وہ پدر کس کا ہے؟

اک ذرا غور سے دیکھو تو یہ سر کس کا ہے؟

(હા, બોલો આજે તમારી મદદ માટે પયગમ્બર (સ.) કયાં છે? અલી (અ.)ના બેટા કયાં ગયા? હૈદરે સફ્દર (અ.) કયાં છે? કેદમાં તેમની વહુ આવી છે, હઝરત શબ્બર (અ.) કયાં છે? ઉઘાડા માથે ઝૈનબે દિલગીર (અ.) છે, હુસૈન (અ.) કયાં છે? જેઓ ખંજરથી ઝિબ્હ થયા છે એ કોના બાપ છે? જરા ધ્યાનથી જુઓ કે આ કોનું સર છે?)

૨૫

کس کے ناموس لٹے کس کا ہوا گھر تاراج؟ — کون بے سر ہوا اور کون ہوا صاحبِ تاج؟

ایک چادر کے لیے کس کی بہن ہے محتاج؟ — کون کمزور ہے اور کون زبردست ہے آج؟

خلق میں کس کے لیے مرتبۂ عالی ہے؟

کس کا اقبال ہے اور کس کی بد اقبالی ہے؟

(કોના ઘરની બીબીઓ લૂંટાઈ ગઈ? કોનું ઘર બરબાદ થયું? કોણ સર વગરનું થયું અને કોણ તાજનો માલિક બન્યું? એક ચાદર માટે કોની બહેન મોહતાજ છે? આજે કોણ કમજોર છે અને કોણ શકિતશાળી છે? દુનિયામાં કોના માટે બુલંદ મર્તબો છે? કોણ કિસ્મતવાળું છે અને કોણ બદકિસ્મત છે?)

૨૬

نہر پر بازوئے شبیرؑ کو مارا کس نے؟ — جنگ میں اکبرِؑ دلگیر کو مارا کس نے؟

تیر سے اصغرِؑ بے شیر کو مارا کس نے؟ — شاہ سے صاحبِ شمشیر کو مارا کس نے؟

فوج بے سر ہوئی سلطانِ حجازی نہ رہے

جن کی تلوار کا شہرہ تھا وہ غازی نہ رہے

(નહેર ઉપર બાઝૂએ શબ્બીર (હઝરત અબ્બાસ (અ.))ને કોણે માર્યા? જંગમાં અકબરે દિલગીર (અ.)ને કોણે માર્યા? તીરથી અસ્ગરે બેશીર (અ.)ને કોણે માર્યા? હુસૈન (અ.) જેવા તલવારના ધણીને કોણે માર્યા? ફોજ સિપાહસાલાર વગરની થઈ ને સુલ્તાને હિજાઝી (હુસૈન (અ.)) પણ ન રહ્યા, અને જેમની તલવારની ચર્ચાઓ થતી હતી એ ગાઝી અબ્બાસ (અ.) પણ ન રહ્યા.")

سُن کے یہ آ گیا بنتِ شہ مرداں کو جلال — تھرتھرا کر کہا کیا بکتا ہے او بد اقبال

٢٧

صاحبِ عزت و توقیر محمدؐ کی ہے آل — کبھی ہم لوگوں کی عزت پہ نہ آئے گا زوال

ہم کو بے قدر جو سمجھا تو خطا کرتا ہے

دیکھ مصحف میں خدا کس کی ثنا کرتا ہے

(આ સાંભળીને શાહે મર્દાનાં બેટી (ઝૈનબ (અ.))ને જલાલ આવી ગયો. ગુસ્સામાં ધ્રૂજીને કહ્યું, "અય બદબખ્ત! તું આ શું બકવાસ કરે છે? હઝરત મોહંમદ (સ.)ની આલ ઈઝઝત અને અઝમતની માલિક છે. અમારી ઈઝઝત કદીય ઘટવાની નથી. જો તું અમને ઝલીલ સમજ્યો તો તું ભૂલ કરે છે. તું જોઈ લે કે કુરઆનમાં અલ્લાહ કોનાં વખાણ કરે છે.)

ہاں بتا آیۂ تطہیر کسے آیا ہے؟ — دوست اپنا کسے اللہ نے فرمایا ہے؟


٢٨

ھَلْ اَتٰی کس کے لیے روحِ امیں لایا ہے؟ — کس نے معراج کا دنیا میں شرف پایا ہے؟

قرب ایسا کسے اللہ کی درگاہ میں ہے؟

فرقِ قوسین بتا کس میں اور اللہ میں ہے؟

(હા, બતાવ કે 'આયતે તત્હીર' કોની શાનમાં આવી છે? અલ્લાહે કોને પોતાનો દોસ્ત ફરમાવ્યો છે? રૂહુલ અમીન કોના માટે 'હલ અતા' લાવ્યા છે? દુનિયામાં મેઅરાજનો શરફ કોણે પામ્યો છે? અલ્લાહની બારગાહમાં કોને આવી કુર્બત મળી છે? બતાવ કે 'ફર્કે કૌસૈન (બે કમાન જેટલું અંતર)' અલ્લાહ અને કોની વચ્ચે છે?)


ZAHAB
JEWELLERS
હવે, હિંમતનગરમાં
જ્યાં ભરોસો, ભવ્યતા અને શણગારની દુનિયા
શુભ પ્રસંગ માટે શ્રેષ્ઠ પસંદગી,
સંપૂર્ણ પારદર્શિતા સાથે, કોઈ છૂપા ચાર્જીસ વગર.
ZAHAB
Zahab Jewellers
તદ્દન ફ્રી
ટેસ્ટિંગ મશીન વડે ઝવેરાતની ગુણવત્તા ચકાસો
100%
BIS હોલમાર્ક
100%
બાયબેકની ગેરંટી
+91 99254 22977
www.zahabjewellers.com
Shop No. B6-B7-B8 Ground Floor, Shantam-7, Nr. R.T.O. Circle, Himmatnagar,
Sabarkantha, Gujarat-383001

# سیرت ائمہ اہلبیتؑ

# સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.)

(જિલ્દ -૧)

અલ્લામા સૈયદ હાશિમ માઅરૂફ હસની

ઉર્દૂમાંથી અનુવાદ:
જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

(ગતાંકનું ચાલુ)

**હઝરત અલી (અ.) ખંદકની લડાઈમાં**

અલબત્ત, રસૂલે અકરમ (સ.) હઝરત અલી (અ.)ને રજા આપવાની ના પાડતા રહ્યા અને ઈચ્છતા હતા કે મુસલમાનોમાંથી કોઈ બીજો તેના મુકાબલા માટે નીકળે. તેથી રસૂલે અકરમ (સ.) એ ફરમાવ્યું, "કોણ જાય છે આના મુકાબલા માટે, જ્યારે કે હું અલ્લાહની સામે તેના માટે જન્નતનો જામીન છું?" તો પણ તેમનામાંથી કોઈનો અવાજ ન આવ્યો. હવે રસૂલે અકરમ (સ.)એ હઝરત અલી (અ.)ને રજા આપી.પોતાની તલવાર તેમના ગળામાં ભરાવી. પોતાનાં બખ્તર અને અમામો આપ (અ.) ને પહેરાવ્યાં. પછી પોતાના બન્ને હાથ ઊંચા કરીને કહ્યું, "મારા અલ્લાહ! તેં ઉબૈદાને બદ્રમાં અને હમ્ઝાને ઓહદમાં મારી પાસેથી લઈ લીધા. હવે આ અલી છે કે જે મારો ભાઈ અને મારો પિતરાઈ છે. હવે મને એકલો ન પાડતો. અને તું ઉત્તમ વારિસ છે." પછી હઝરત અલી (અ.) આવી રજઝ પઢતાં પઢતાં તેના મુકાબલા માટે આવ્યા:

لا تعجلن فقد أتاك مجيب صوتك غير عاجز

ذو نية و بصيرة والصدق منجى كل فائز

انى لأرجوان اقيم عليك نائحة الجنائز

من ضربة نجلاء يبقى صيتها بعد الهزاهز

(ઉતાવળ ન કર, તારી લલકારનો જવાબ આપનાર આવી ગયો છે. અને તે મજબૂર નથી, પરંતુ ઈરાદાવાળો અને જોવાવાળો છે અને સચ્ચાઈ દરેક હલાકતથી નજાત અપાવે છે. મને ઉમ્મીદ છે કે હું એક જ વારમાં તારી રડવાવાળીઓને તારા જનાઝા ઉપર લઈ આવીશ. ઝર્બતનો ઝણકાર મેદાનમાં લડાઈના પછી પણ સંભળાતો રહેશે.)

અમ્ર ઈબ્ને અબ્દે વુદ્ ઘણી શાનથી લડાઈઓ અને યુદ્ધોમાં પોતાની બહાદુરી ઉપર ગર્વ અનુભવતો ઊભો હતો. તે અરબ કબીલાઓમાં ફેલાયેલી તેની ખ્યાતિ ઉપર અકડી રહ્યો હતો કે જેને રાવીઓ દરેક જગ્યાએ જણાવતા રહેતા હતા.

આ બાજુ હઝરત અલી (અ.) તેને નફરતની નજરથી જોઈ રહ્યા હતા અને તેની નજરમાં ઘમંડ અને મોટાઈ ભરેલી હતી. પોતાનો નસબ બયાન કર્યા પછી તેણે કહ્યું, "અય મારા ભત્રીજા! મારાથી મુકાબલો કરવા માટે તમારા કાકાઓમાંથી કોઈએ આવવું જોઈએ કે જે તમારાથી વધારે બહાદુર

હોય, કેમ કે હું એ પસંદ કરતો નથી કે તમને કતલ કરું, એટલા માટે કે તમારા વાલિદ મારા મિત્ર હતા અને હું તેમનો સાથી હતો." રાવી અહીં એ ઉલ્લેખ કરે છે કે હઝરત અલી (અ.)એ તેને કહ્યું, "અય અમ્ર! તું કહે છે કે જો કોઈ તારાથી ત્રણ માંગણીઓ કરે તો તું તેમાંથી કોઈ એકનો જરૂર સ્વીકાર કરી લે છે. એટલા માટે હું પહેલાં તને ઈસ્લામની દાવત આપું છું." તેથી તે હસી પડ્યો અને બોલ્યો, "આ વાત છોડો, કેમ કે હું મારા બાપદાદાનો દીન છોડવાવાળો નથી." ત્યારે હઝરત અલી (અ.) એ ફરમાવ્યું, "તો પછી હું તને કહું છું કે તું તારા લશ્કર સાથે પાછો જતો રહે." તે બોલ્યો, "હું અરબ લોકોને એ મોકો નહીં આપું કે તેઓ મને ભાગી જનારો કહે." હવે અમીરુલ મોમિનીન (અ.)એ તેને કહ્યું, "જ્યારે તેં ઈસ્લામ કબૂલવાની ના પાડી અને પોતાના સાથીઓને લઈને પાછો જવા માટે પણ તૈયાર નથી, તો હવે હું તને કહું છે કે ઘોડા ઉપરથી ઊતરીને મારો મુકાબલો કર." તે કહેવા લાગ્યો, "અય ભત્રીજા! મારા મુકાબલા માટે તમારાથી વધારે ઉંમરવાળાએ આવવું જોઈએ, કેમ કે હું નથી ઈચ્છતો કે તમને કતલ કરું." હઝરત અલી (અ.) એ જવાબ આપ્યો, "પરંતુ હું ઈચ્છું છું કે તને કતલ કરું." આ સાંભળીને તે ગુસ્સે થઈ ગયો. તે ઘોડા ઉપરથી નીચે ઊતર્યો, (પોતાના) ઘોડાના પગ કાપી નાખ્યા અને હઝરત અલી (અ.) ઉપર હુમલો કર્યો. હઝરત અલી (અ.)એ તેના માથા ઉપર પ્રહાર કર્યો કે જેને તેણે પોતાની ઢાલ ઉપર લઈ લીધો, પરંતુ તલવાર તેને કાપીને તેના માથા ઉપર લાગી, તો પણ તેણે પોતાને સંભાળી લીધો. અને તેના ઉપર કેટલાય પ્રહાર થતા રહ્યા, પરંતુ તે તેમનાથી બચતો રહ્યો. હઝરત અલી (અ.)એ ફરીથી તેની ગરદન અને ખભાની નસ ઉપર એક વાર કર્યો, કે જેનો અવાજ વીજળીના જેવો હતો, જેનાથી બન્ને લશ્કર ધ્રૂજી ગયાં. તે પોતાના લોહીમાં લથપથ બળદની માફક અવાજ કરતો કરતો નીચે પડ્યો. તે સમયે એક ધૂળની ડમરી ઊડી કે જે તેમના અને બન્ને લશ્કરોની વચ્ચે આવી ગઈ.

સીરતે નબીની કેટલીક કિતાબોમાં જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ અન્સારી (રઝી.)થી રિવાયત છે કે જ્યારે હઝરત અલી (અ.) અમ્ર ઈબ્ને અબ્દે વુદ્દનો મુકાબલો કરવા નીકળ્યા, તો હું જોતો રહ્યો કે તે બન્ને વચ્ચે શું થાય છે. જ્યારે હઝરત અલી (અ.)એ તેને મારી નાખ્યો, તો એવી સખત ધૂળની ડમરીનો વંટોળિયો આવ્યો કે તે મારા અને તેમની વચ્ચે આવી ગયો. પછી મેં તક્બીરનો અવાજ સાંભળ્યો અને તરત જ મુસલમાનોએ તક્બીર કહી. બસ, હું સમજી ગયો કે હઝરત અલી (અ.)એ તેને કતલ કરી દીધો છે. જ્યારે તે કતલ થઈ ગયો, તો તેના સાથીઓ નાસી ગયા, પરંતુ તેમના ઘોડા ખંદક ઉપર રોકાઈ ગયા. નૌફલ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને મુગૈરાના ઘોડાએ તેને ખંદકમાં પાડી દીધો. તબરીની રિવાયતમાં છે કે મુસલમાનોએ તેને પત્થર મારવાનું શરૂ કરી દીધું ત્યારે તેણે બૂમ પાડી કે, "અય અરબો! તેનાથી સારું તો મને કતલ કરી દીધો

હોત.” તેથી હઝરત અલી (અ.)એ નીચે ઊતરીને તેને કતલ કરી દીધો.

ઈબ્ને હિશામે પોતાની સીરતમાં ઝોહરીથી રિવાયત કરી છે કે અમ્ર ઈબ્ને અબ્દે વુદ્દની સાથે તેનો દીકરો સહલ પણ હતો કે જેને હઝરત અલી (અ.)એ કતલ કરી દીધો. પછી હઝરત અલી (અ.) હુબૈરા ઈબ્ને અબી વહબ સાથે ટકરાયા, જ્યારે આપ (અ.) પ્યાદા હતા અને હુબૈરા સવારી પર હતો, પરંતુ આપ (અ.)એ તેને તલવારનો વાર કર્યો કે જે જીનને વાગ્યો અને તેની ઢાલ પડી ગઈ. ઈક્રિમા ઈબ્ને અબી જહલ અને ઝિરાર ઈબ્ને ખત્તાબ નાસી ગયા. મુનબ્બિહ ઈબ્ને ઉસ્માન ઈબ્ને ઉબૈદુલ્લાહને એક તીર વાગ્યું અને તે મક્કા જઈને તે જ ઘાને લીધે મરી ગયો. આ જ રિવાયત તબરીએ પણ કરી છે.

શેખ મુફીદે ઈર્શાદમાં કહ્યું છે, “જ્યારે હઝરત અલી (અ.)એ અમ્ર ઈબ્ને અબ્દે વુદ્દને કતલ કરી દીધો, તો આપ (અ.) રસૂલે અકરમ (સ.)ની ખિદમતમાં આવ્યા. આપ (અ.)નો ચહેરો ખીલેલો હતો. ઉમર ઈબ્ને ખત્તાબ આપ (અ.)ને કહેવા લાગ્યા કે, “અરે, આપે તેની ઝિરાહ ન કાઢી? અરબમાં આવું તો કદીય નથી થયું.” આપ (અ.) એ જવાબ આપ્યો, “મેં તેને નિર્વસ્ત્ર કરવામાં શરમ અનુભવી.”

મુસ્તદ્રક અલ સહીહૈન, જિલ્દ–૨ના હવાલાથી ફઝાઈલુલ ખમ્સા મિનસ્સિહાહ અસ્સિત્તાહની જિલ્દ–૨માં સુફ્યાન સૂરીથી રિવાયત છે કે રસૂલે અકરમ (સ.)એ ફરમાવ્યું, “ખંદકના દિવસે હઝરત અલી (અ.)નું અમ્ર ઈબ્ને અબ્દે વુદ્દથી મુકાબલો કરવું મારી ઉમ્મતની કયામતના દિવસ સુધીની ઈબાદતથી અફઝલ છે.”

આ રિવાયત ખતીબ બગદાદીએ પણ પોતાની તારીખની જિલ્દ–૧૩માં જણાવી છે. એવી જ રીતે રાઝીએ તેમની જ સનદથી સૂરા લૈલતુલ કદ્રની તફસીરની નીચે જણાવ્યું છે.

દુર્રે મન્સૂરમાં સુયૂતીએ નીચેની આયતની તફસીરમાં અબી હાતિમ, ઈબ્ને મર્દવયહ અને ઈબ્ને અસાકિરથી રિવાયત કરી છે કે અલ્લાહે મોમિનોની મદદ હઝરત અલી (અ.)ના ઝરીએ કરી.

(ફઝાઈલુલ ખમ્સા, જિલ્દ–૨, સફહા–૩૨૩)

وَرَدَّ اللّٰهُ الَّذِيْنَ كَفَرُوْا بِغَيْظِهِمْ لَمْ يَنَالُوْا خَيْرًا ۚ وَكَفَى اللّٰهُ الْمُؤْمِنِيْنَ الْقِتَالَ ۚ وَكَانَ اللّٰهُ قَوِيًّا عَزِيْزًا ﴿٢٥﴾

*(અને તે લોકોને કે જેઓએ કુફ્ર કર્યું, અલ્લાહે તેમને ગુસ્સાની હાલતમાં જ પાછા ફેરવી દીધા, જેથી તેમણે કાંઈ પણ ફાયદો મેળવ્યો નહીં અને અલ્લાહ મોમિનોની જંગના માટે કાફી છે અને અલ્લાહ જ તાકાતવર અને ઈઝ્ઝતવાળો છે.)*

(સૂરા અહ્ઝાબ, આયત–૨૫)

શેખ મુફીદે ઈર્શાદમાં કૈસ ઈબ્ને રબીઅથી અને તેમણે અબૂ હારૂન સઅદીથી રિવાયત કરી છે કે તેમણે જણાવ્યું, “હું હુઝૈફા ઈબ્ને યમાનને મળવા ગયો. મેં તેમને કહ્યું, “અય અબૂ અબ્દિલ્લાહ! જ્યારે અમે હઝરત અલી (અ.)ના ફઝાઈલ બયાન કરીએ છીએ, તો બસરાવાળા અમને કહે છે કે તમે હઝરત અલી (અ.)ની બાબતમાં અતિશયોક્તિ કરો છો.

તો શું તમે આપ (અ.)ના વિષે કંઈક જણાવશો?" હુઝૈફા બોલ્યા, "અય અબૂ હારૂન! મને હઝરત અલી (અ.)ની બાબતમાં શું પૂછો છો? કસમ છે તે ઝાતની કે જેના કબજામાં મારો જીવ છે! જો રસૂલે અકરમ (સ.)ના બધા સહાબીઓનાં બધાં કાર્યો ત્રાજવાના એક પલ્લામાં મૂકવામાં આવે, અને હઝરત અલી (અ.)નું કાર્ય તેના બીજા પલ્લામાં મૂકવામાં આવે, તો હઝરત અલી (અ.)નું કાર્ય તે બધાનાં કાર્યો કરતાં ભારે થશે." રાવીએ કહ્યું કે, "આ તો કાંઈ સાચું લાગતું નથી." તેથી હુઝૈફાએ કહ્યું, "કેમ, આ કેમ ઠીક નથી? તો પછી ફલાણા ફલાણા લોકો, હુઝૈફા પોતે અને રસૂલે અકરમ (સ.)ના બધા સહાબીઓ તે દિવસે કયાં હતા કે જ્યારે અમ્ર ઈબ્ને અબ્દે વુદ્દે મુકાબલા માટે બોલાવ્યા અને હઝરત અલી (અ.) સિવાય બધા લોકો ભયથી લપાઈ ગયા. બસ, હઝરત અલી (અ.)એ જ તેનો મુકાબલો કર્યો અને અલ્લાહે તેને આપ (અ.)ના જ હાથે કતલ કરી દીધો. કસમ છે તે ઝાતની કે જેના કબજામાં મારો જીવ છે, આપ (અ.)ના આ કાર્યનો બદલો રસૂલે અકરમ (સ.)ના સહાબીઓનાં કયામત સુધીનાં કાર્યોના બદલાથી વધારે છે.

અભ્યાસ કરવાવાળી વ્યક્તિ મુસલમાનોની તે નબળાઈને જોઈ શકે છે કે રસૂલે અકરમ (સ.) તેમને બરાબર હિંમત આપીને અમ્રનો મુકાબલો કરવા પ્રેરી રહ્યા હતા, પરંતુ તે બધા એવા હતા કે ડરથી ધ્રૂજી રહ્યા હતા. તે ઉપરાંત તે મુશરિકોનું તેમના બહાદુરોને તૈયાર કરવું પણ જોશે કે જેની ખ્યાતિ આખા અરબ ટાપુમાં ફેલાયેલી હતી. તે બધાને ખાતરી હતી કે આ યુવાન કે જેણે બદ્ર અને ઓહદમાં અજાયબીઓનું પ્રદર્શન કર્યું હતું, હવે ચોક્કસ તેમના સવારો અમ્ર ઈબ્ને અબ્દે વુદ્દના હાથે તેમની નિશ્ચિત મોતે પહોંચશે, એટલે સુધી કે મુસલમાનો પોતે પણ નિરાશ થઈ ગયા હતા અને તેમનામાંથી ઘણાખરાને ખાતરી હતી કે ટૂંકમાં જ હઝરત અલી (અ.) પણ અરબના તે ખ્યાતનામના હાથે કતલ થઈ જવાવાળાઓમાં એક નવો વધારો હશે. પછી તેમનામાંથી પણ ઘણા લોકો તેને હાથે મોતનો શિકાર થઈ જશે.

પરંતુ, મુશરિકોની આશા ઠગારી નીવડી અને અલ્લાહે તેમની આશાઓને ધૂળમાં મેળવી દીધી. તેથી તેમણે પોતાને એવી સ્થિતિમાં જોયા કે જે તેમણે સ્વપ્નેય નહોતું વિચાર્યું. તેના પછી તેમના અંદાજ અને તેવર બદલાઈ ગયા અને મુસલમાનોના દિલોને શાંતિ મળી. હવે તેમના દિલોમાં ફરી વાર ફતેહની ઈચ્છા જાગી ગઈ. તેવી જ રીતે બીજી બાજુ અમ્ર ઈબ્ને અબ્દે વુદ્દના કતલ થઈ જવાથી હુમલાખોરોના હેતુનો નાશ થયો, અને રસૂલે અકરમ (સ.) અને તેમના સાથીઓ ઉપર વિજય મેળવવાની આશાઓ માટીમાં મળી ગઈ. જે કોઈ પણ બન્ને પક્ષોના વલણોને તેમની અસરો અને પરિણામોની દૃષ્ટિએ જોશે, તે એ હકીકતથી દૂર રહેશે નહીં કે જે હુઝૈફા અને તેમની તરફના બીજા લોકોએ હઝરત અલી (અ.)ના વલણ વિષે જણાવી છે. (ક્રમશ:)

# અલ ઇર્શાદ

લેખક : શેખ મુફીદ ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

## હઝરત ઇમામ મૂસા કાઝિમ ઇબ્ને જાફર (અ.)

(ગતાંકનું ચાલુ)

**આપ (અ.)ના એ ગુણો, સદ્દગુણો, ઉત્તમ નેકીઓ અને યોગ્યતાઓ કે જેનાથી આપ (અ.) અન્ય લોકોથી જુદા તરી આવે છે.**

અબૂ ઝૈદ જણાવે છે કે મને અબ્દુલ હમીદે જણાવ્યું હતું કે, મોહંમદ ઈબ્ને હસને અબુલ હસન ઈમામ મૂસા (અ.)ને તેઓ મક્કામાં હતા ત્યારે હારૂન રશીદ સાથે મુલાકાત કરી હતી કે કેમ તેના વિષે સવાલ કર્યો.

પછી સવાલ કર્યો, "શું એ વ્યક્તિ કે જે મહરમ હોય (એહરામ બાંધી ચૂકી હોય), તેને એ વાતની પરવાનગી છે કે તે ઊંટના છાંયડામાં બેસે?"

ઈમામ મૂસા કાઝિમ (અ.)એ જવાબ આપ્યો, "ના, તેને પરવાનગી નથી, જો આ વાત તેના ઈખ્તિયારમાં હોય તો."

"શું તેને પરવાનગી છે કે તે કુદરતી છાંયડામાં ચાલે?" મોહંમદ ઈબ્ને હસને સવાલ કર્યો.

"હા." ઈમામ મૂસા (અ.)એ જવાબ આપ્યો.

આ સાંભળી મોહંમદ ઈબ્ને હસને અટ્ટહાસ્ય કર્યું. ઈમામ મૂસા ઈબ્ને જાફર (અ.)એ પ્રશ્ન કર્યો કે, "શું સુન્નતે નબી તમને મશ્કરી જેવી લાગે છે? અને તમે તેનો મજાક ઉડાવી રહ્યા છો? રસૂલલ્લાહ (સ.)એ હજ દરમિયાન એહરામની હાલતમાં કુદરતી છાંયડાનો લાભ લીધો હતો. અને હુઝૂર (સ.) કુદરતી છાંયડામાં ચાલતા પણ હતા. મોહંમદ, જાણી લો કે અલ્લાહના કાનૂનમાં અનુમાનને અવકાશ નથી. જે લોકો આમાં અનુમાનનો સહારો લે છે, તે લોકો સિરાતે મુસ્તકીમથી ભટકેલા છે."

મોહંમદ ઈબ્ને હસન શાંત થઈ ગયા અને વધુ પ્રશ્નો ન કર્યા.

સામાન્ય લોકોમાં આ પ્રકારની રિવાયતો અબુલ હસન ઈમામ મૂસા (અ.)ના હવાલાથી જાણીતી છે અને તે રિવાયતોની સંખ્યા ઘણી વધારે છે; જેમ ઉપર લખવામાં આવ્યું છે તેમ, આપ (અ.) પોતાના જમાનાના સૌથી મોટા ફકીહ હતા અને અલ્લાહની કિતાબના ઈલ્મના સંપૂર્ણપણે જાણકાર હતા અને કલામે પાકની તિલાવતમાં સૌથી પ્રવીણ હતા. જ્યારે આપ (અ.) કુરઆને કરીમની તિલાવત કરતા હતા, તો સાંભળનારાઓની આંખો ભીની

થઈ જતી હતી અને તે લોકો રડવા લાગતા હતા.

મદીનાના લોકો આપ (અ.)ને 'મુતહજ્જિજદીન' (રાત્રીની નમાઝ પઢનારાઓના શણગાર) કહેતા હતા અને 'કાઝિમ'ના નામથી પણ યાદ કરતા હતા, કેમ કે આપ (અ.) હંમેશાં ગુસ્સા ઉપર કાબૂ ધરાવતા હતા અને આપ (અ.)ને કેદખાનામાં જાલિમોએ શહીદ કરી દીધા ત્યાં સુધી આપ (અ.) જાલિમોના ઝુલ્મ સામે સબ્ર કરતા રહ્યા હતા.

**હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.)ની શહાદતના કારણનું વર્ણન અને તેની વિગતોઃ**

હારૂન રશીદે આપ (અ.)ની ધરપકડ કરીને એક મુદ્દત સુધી કેદમાં રાખ્યા પછી આપ (અ.)ને શહીદ કરી દીધા તેના પાછળના કારણ વિષે થોડીક હદીસો રજૂ કરવામાં આવે છેઃ

અહમદ ઈબ્ને ઉબૈદુલ્લાહ ઈબ્ને અમ્મારે અલી ઈબ્ને મોહંમદ અલ–નૈફલીના હવાલાથી અને તેમણે તેમના વાલિદના હવાલાથી; અહમદ ઈબ્ને મોહંમદ ઈબ્ને સઈદ; અબૂ મોહંમદ અલ–હસન ઈબ્ને મોહંમદ ઈબ્ને યહ્યાના હવાલાથી: આ બધાંએ પોતાના ઉસ્તાદોના હવાલાથી જણાવ્યું છે કે તેઓ કહેતા હતા,

"ઈમામ મૂસા ઈબ્ને જાફ્ર (અ.)ની ધરપકડનું કારણ એ હતું કે હારૂન રશીદે પોતાના દીકરાના પાલણપોષણની જવાબદારી જાફ્ર ઈબ્ને મોહંમદ ઈબ્ને અશઅસને સોંપી હતી, એટલા માટે યહ્યા ઈબ્ને ખાલિદ બરમકને ઈર્ષા આવતી હતી. તેના મનમાં એવો વિચાર આવ્યો કે જો ખિલાફ્ત તેના આ દીકરાને મળી જશે, તો પછી મારા મંત્રીપદ અને મારા દીકરાને મળનારા મંત્રીપદ સામે ખતરો ઊભો થઈ જશે. તેથી તે જાફ્ર ઈબ્ને મોહંમદને દગો દેવા માગતો હતો અને છળકપટથી તેમના વિરુદ્ધ કાવતરું રચવા માગતો હતો. જાફ્ર ઈબ્ને મોહંમદ ઈબ્ને અશઅસ ઈમામી શીઆ હતા. યહ્યા ઈબ્ને ખાલિદ બરમકે જાફ્રના ઘેર આવવા–જવાનું શરૂ કર્યું, જેથી તે તેમની ગુપ્ત પરિસ્થિતિઓને જાણી શકે અને તેમના દીની અકીદાઓથી હારૂન રશીદને માહિતગાર કરી શકે અને તેમના માટે ખલીફ્રાના દિલમાં નફરત પેદા કરી શકે.

એક દિવસ યહ્યા ઈબ્ને ખાલિદે પોતાના સૌથી વિશ્વાસુ સાથીને પૂછ્યું કે, "હું એવા માણસને મળવા ઈચ્છું છું કે જેનો સંબંધ હઝરત અબૂ તાલિબ (અ.)ના કુટુંબથી હોય અને તે કષ્ટદાયક પરિસ્થિતિમાં જીવતો હોય કે જેથી તેઓ તેમની મોહતાજીને મારી આગળ વર્ણવે."

તેના સાથીએ અલી ઈબ્ને ઈસ્માઈલ ઈબ્ને જાફ્ર ઈબ્ને મોહંમદનું નામ જણાવ્યું. યહ્યા ઈબ્ને ખાલિદે તેમને થોડા માલસામાનથી મદદ કરી. ઈમામ મૂસા કાઝિમ (અ.)ના અલી ઈબ્ને ઈસ્માઈલ ઈબ્ને જાફ્ર ઈબ્ને મોહંમદ સાથે સારા સંબંધ હતા અને આપ (અ.) ઘણી વાર તેમને ભેટસોગાદો મોકલતા રહેતા હતા અને તેમની સાથે લાગણીશીલ અને સહનશીલતાભર્યો વ્યવહાર રાખતા હતા.

યહ્યા ઈબ્ને ખાલિદે અલી ઈબ્ને ઈસ્માઈલ

ઈબ્ને જાફર ઈબ્ને મોહંમદને કહેવડાવ્યું કે તે હારૂન રશીદને મળે અને ખલીફાને જણાવે કે તેમણે તેની સાથે ભાઈચારાનો વ્યવહાર કર્યો છે.

અલી ઈબ્ને ઈસ્માઈલ ઈબ્ને જાફર ઈબ્ને મોહંમદે બગદાદની મુસાફરીની તૈયારી કરી લીધી, જેથી તેઓ ત્યાં જઈને ખલીફા સાથે મુલાકાત કરી તેમને તે માલસામાનથી મદદ અને ઉપકારના બારામાં જણાવે.

અલી ઈબ્ને ઈસ્માઈલ ઈબ્ને જાફર ઈબ્ને મોહંમદની મુસાફરીની જાણ ઈમામ મૂસા કાઝિમ (અ.)ને થઈ તો આપ (અ.) ચિંતામાં પડી ગયા અને આપ (અ.)એ તેમને બોલાવ્યા.

"અય પિતરાઈ ભાઈ! આપ ક્યાં જવાનું વિચારી રહ્યા છો?" આપે પ્રશ્ન કર્યો.

"બગદાદ." જવાબ મળ્યો.

"ત્યાં આપ શા માટે જઈ રહ્યા છો?" પ્રશ્ન થયો.

"હું ઘણો દેવાદાર છું અને ગરીબાઈમાં છું." તેમણે જવાબ આપ્યો.

"હું તમારું દેવું ભરપાઈ કરી દઈશ અને તમારી મદદ કરીશ અને તમારી જરૂરિયાતોને પૂરી કરીશ," ઈમામ મૂસા (અ.)એ તેમને જણાવ્યું.

તેમણે ઈમામ (અ.)ની વાત ઉપર ધ્યાન આપ્યું નહીં અને મુસાફરીની તૈયારીઓમાં વ્યસ્ત થઈ ગયા.

અબુલ હસન (ઈમામ મૂસા (અ.))એ તેમને ફરી વાર બોલાવ્યા અને પ્રશ્ન કર્યો, "શું તમે જઈ રહ્યા છો?"

"હા." તેમણે જવાબ આપ્યો, "મેં નક્કી કરી લીધું છે, અને મારી પાસે તેના સિવાય બીજો કોઈ વિકલ્પ નથી."

"પિતરાઈ ભાઈ!" આપ (અ.)એ કહ્યું, "અલ્લાહનો ડર રાખજો અને એવું પગલું ન ભરતા કે જેનાથી મારાં બાળકો યતીમ થઈ જાય."

તેના પછી ઈમામ (અ.)એ હુકમ કર્યો કે તેમને (એટલે કે અલી ઈબ્ને ઈસ્માઈલ ઈબ્ને જાફર ઈબ્ને મોહંમદને) ત્રણસો દીનાર અને ચાર હજાર દિરહમ આપી દેવામાં આવે.

[જ્યારે આપ (અ.) તેમની સામે ઊભા થયા, તો ઈમામ મૂસા કાઝિમ (અ.)એ ત્યાં હાજર લોકોને કહ્યું, "અલ્લાહની કસમ, આ મારા લોહીનો સોદો કરશે અને મારાં બાળકોને યતીમીની આગમાં ધકેલશે."

લોકોએ કહ્યું, "અમે લોકો આપના ઉપર કુરબાન થઈ જઈએ. શું તે વાતનું ઈલ્મ આપને તે સમયે પણ હતું જ્યારે આપ તેમને ભેટો મોકલતા રહેતા હતા અને તેમની મદદ કરતા રહેતા હતા?"

"હા." આપ (અ.)એ કહ્યું, "મારા વાલિદે તેમના દાદા પરદાદાઓના હવાલાથી અને તેમણે પયગમ્બરે ઈસ્લામ (સ.)ના હવાલાથી જણાવ્યું હતું કે જ્યારે સગાઓ સંબંધો તોડી નાખે, તો તેમના સંબંધોનું પુન:સ્થાપન કરવું જોઈએ; કારણ કે જો તેઓ કત્એ રહમી કરશે તો અલ્લાહ પણ તેમનું જોડાણ દૂર કરી દેશે. તેમણે અમારી વચ્ચેનો સંબંધ તોડી નાખ્યો એટલે મેં તેને પુન:સ્થાપિત કરવા માટે પ્રયાસ કર્યા હતા. કારણ કે જો તેઓ મારી સાથેનો સંબંધ તોડી નાખશે તો અલ્લાહ પણ તેની

સાથે એવું જ કરશે."][1]

અલી ઈબ્ને ઈસ્માઈલ ઈબ્ને જાફર ઈબ્ને મોહંમદ મુસાફરી માટે નીકળ્યા અને યહ્યા ઈબ્ને ખાલિદની પાસે પહોંચ્યા. તેમણે યહ્યા ઈબ્ને ખાલિદને તે વાતચીતથી માહિતગાર કર્યા કે જે તેમના અને ઈમામ મૂસા ઈબ્ને જાફર (અ.)ની વચ્ચે થઈ હતી. આ બધી વાતોને વધારે મીઠું મરચું ભભરાવીને યહ્યા ઈબ્ને ખાલિદે હારૂન રશીદને પહોંચાડી. તો તેણે તેમને (અલી ઈબ્ને ઈસ્માઈલને) હાજર કરવાનું કહ્યું, તો યહ્યા ઈબ્ને ખાલિદ તેમને લઈને હારૂન રશીદની પાસે ગયા. ખલીફાએ તેમને (અલી ઈબ્ને ઈસ્માઈલને) તેમના કાકા (ઈમામ મૂસા કાઝિમ (અ.)) વિષે પૂછ્યું અને તેમણે ઈમામ (અ.) વિષે હારૂન રશીદને વિગતવાર જણાવ્યું. અને તેને એ પણ જણાવ્યું કે ઈમામ (અ.)ની પાસે પૂર્વ અને પશ્ચિમથી મોટી રકમો આવે છે કે જેનાથી ઈમામ (અ.)એ એક મોટો પ્રદેશ ખરીદી લીધો છે. તે પ્રદેશનું નામ 'અલ–યાસિર' છે. તે પ્રદેશને ત્રીસ હજાર દીનારથી ખરીદવામાં આવ્યો છે. તે પ્રદેશનો જે પહેલો માલિક હતો તેને જ્યારે ત્રીસ હજાર દીનાર આપવામાં આવ્યા, તો તેણે કહ્યું કે "હું આ સિક્કાને નહીં સ્વીકારું. મને આ રકમ ફલાણા ચલણી સિક્કાઓમાં આપો." એટલા માટે ઈમામે પછી તે પ્રમાણે તેને રકમ ચૂકવી.

હારૂન રશીદે આ વિગત સાંભળી અને હુકમ આપ્યો કે તેમને (અલી ઈબ્ને ઈસ્માઈલને) બે હજાર દિરહમ આપવામાં આવે. ત્યાર બાદ તે શહેરના એક વિસ્તારમાં રહેવા લાગ્યા અને એક ખાદિમને મોકલ્યો કે જેથી તે ખલીફા પાસેથી બે હજાર દિરહમ લઈને તેમને આપી દે. ખાદિમ હજુ બે હજાર દિરહમ લઈને આવ્યો ન હતો, એ જ ગાળામાં (અલી ઈબ્ને ઈસ્માઈલ) બીમાર પડી ગયા. તે મરડાની બીમારીથી પીડાવા લાગ્યા. તેમના પેટમાંથી લોહી વહેવા લાગ્યું. તેઓ પડી ગયા અને અશક્ત થઈ ગયા. જ્યારે તે છેલ્લા શ્વાસ લઈ રહ્યા હતા ત્યારે ખાદિમે બે હજાર દિરહમ લાવીને આપ્યા. "હવે આ રકમનું હું શું કરીશ? મારું મૃત્યુ આવી પહોંચ્યું છે."

એ જ વર્ષે હારૂન રશીદ હજ માટે ગયો હતો. હજની શરૂઆત તેણે મદીનાથી કરી. ત્યાં તેણે ઈમામ મૂસા ઈબ્ને જાફર (અ.)ની ધરપકડ કરી.

રિવાયતમાં છે કે જ્યારે તે મદીના આવ્યો, ત્યારે ઈમામ મૂસા ઈબ્ને જાફર (અ.) મદીનાના સજ્જન લોકો સાથે તેનું સ્વાગત કરવા માટે ગયા. સ્વાગતવિધિ પછી આપ (અ.) મસ્જિદમાં જતા રહ્યા; આપ (અ.)નો વધારે સમય મસ્જિદમાં જ પસાર થતો હતો. રાત પડી ત્યાં સુધી હારૂન રશીદ ઈમામ (અ.)ની રાહ જોતો રહ્યો. પછી તે રસૂલલ્લાહ (સ.)ની કબ્ર મુબારક ઉપર ગયો. તેણે કબ્ર ઉપર કહ્યું, "અય અલ્લાહના રસૂલ! હું જે કાર્ય કરવા જઈ રહ્યો છું તે માટે મને માફ કરજો. હું ઈમામ મૂસા ઈબ્ને જાફર (અ.)ને કેદ કરવા ઈચ્છું છું, કેમ કે તેઓ ઉમ્મતમાં તફરકો નાખી રહ્યા છે

1 [ ] કૌસમાં છે એટલો હિસ્સો 'મકાતિલે તાલિબીય્યિન'માં નથી.

અને મને એ વાતનો ડર છે કે આનાથી મુસલમાનો એકબીજાની ખૂનામરકી કરવા લાગશે."

તેના પછી તેણે ઈમામ મૂસા (અ.)ને મસ્જિદમાંથી પકડીને તેની સમક્ષ હાજર કરવાનો હુકમ જારી કર્યો. તેણે આપ (અ.)ને ઝંજીરોમાં જકડી લીધા. પછી ખલીફાએ બે મહમિલો મંગાવી. એકમાં ઈમામ મૂસા (અ.)ને બેસાડવામાં આવ્યા અને તેને ખચ્ચર પર રાખવામાં આવી. બીજી મહમિલ બીજા ખચ્ચર પર રાખવામાં આવી. બન્ને ખચ્ચર ત્યાંથી ચાલી નીકળ્યાં. મહમિલો ઉપર પડદા હતા. આ કાફલામાં સવારોની ટુકડી પણ હતી, આગળ જઈને આ કાફલો બે ભાગમાં વહેંચાઈ ગયો. સવારોની એક ટુકડી એક મહમિલ સાથે હતી અને બીજી ટુકડી બીજી મહમિલ જોડે હતી. એક જૂથ બસરાના રસ્તે રવાના થયું તો બીજું કૂફા તરફ. હારૂન રશીદે આવું એટલા માટે કર્યું કે જેથી આમજનતાને અબુલ હસન ઈમામ મૂસા (અ.)ને શું થયું છે તે વિષે જાણ ન થાય. ખલીફાએ તે જૂથના સવારોને કે જેમાં ઈમામ મૂસા ઈબ્ને જાફર (અ.) હતા, એવો હુકમ આપ્યો કે તેમને (ઈમામ મૂસા (અ.)ને) બસરા લઈ જઈને ઈસા ઈબ્ને જાફર ઈબ્ને મન્સૂરને સોંપી દેવામાં આવે કે જે તે સમયે બસરાનો ગવર્નર હતો.

આ હુકમને બજાવી લાવવામાં આવ્યો અને ઈમામ મૂસા ઈબ્ને જાફર (અ.)ને ગવર્નરને સુપરત કરવામાં આવ્યા. ગવર્નરે આપ (અ.)ને એક વરસ સુધી કેદમાં રાખ્યા. ત્યારે હારૂન રશીદે આવું લખાણ મોકલ્યું કે તે અબુલ હસન (અ.)ના ખૂનનો ઈચ્છુક છે. આ લખાણ જોઈને ઈસા ઈબ્ને જાફર ઈબ્ને મન્સૂરે તેના ખાસ સહાબીઓને બોલાવ્યા અને તેમનાથી સલાહ માગી કે ખલીફાના લખાણ ઉપર કેવી રીતે અમલ કરવો. સહાબીઓએ સલાહ આપી કે હમણાં આ લખાણ ઉપર અમલ ન કરવામાં આવે અને ખલીફાને આવું કરવા માટે તેમની અનિચ્છા જાહેર કરવામાં આવે. આ સલાહ પછી ઈસા ઈબ્ને જાફરે હારૂન રશીદને લખ્યું કે,

"મૂસા ઈબ્ને જાફર ઘણા સમયથી મારી નજરકેદ હેઠળ છે. હું તેમની પરિસ્થિતિને સારી રીતે સમજી ગયો છું. મેં આ સમય દરમિયાન તેમના ઉપર નજર રાખવા માટે જાસૂસો પણ મૂકેલા હતા અને આ લાંબા સમયમાં કોઈ એવી વાંધાજનક વાત જોવા મળી નથી કે જેના માટે તેમને જવાબદાર ઠેરવી શકાય. તેમણે નમાઝ સિવાય અથવા કલામે પાકની તિલાવત સિવાય કદી પોતાનું મોઢું ખોલ્યું નથી. તેઓ નમાઝમાં શું પઢતા હતા તે સાંભળવા માટે પણ મેં બાતમીદાર બેસાડી દીધા હતા. તેમણે કદી પોતાની નમાઝમાં આપના માટે અને મારા માટે બદ્દુઆ નથી કરી. આપના વિરુદ્ધ તેમના દિલમાં ન દ્વેષ છે કે ન ગુસ્સો. તેઓ નમાઝમાં પોતાના માટે અલ્લાહની રહમો કરમની દુઆ કરે છે અથવા તો મગ્ફેરતની દુઆ કરતા રહે છે. તમે કોઈને અહીં મોકલી દો કે જેથી હું તેમને આપની પાસે મોકલી દઉં અથવા તો હું તેમને છોડી દઉં છું. અહીં તેમને વધુ કેદમાં રાખવાનું હું ઉચિત સમજતો નથી." (ક્રમશ:)

100%
કુદરતી અને રસાયણ મુક્ત

શુધ્ધતા પણ, સ્વાસ્થ્ય પણ, સ્વાદ પણ...

# એગ્રીનેચર

બંધાણી ફાર્મર્સ એલ.એલ.પી.

## “ખેડૂતો દ્વારા ઉત્પાદિત ઘાણીના કોલ્ડ પ્રેસ્ડ તેલ અને ચક્કીના વિવિધ મસાલા”

### અમારા ત્યાં બનતા ઉત્પાદનો

**ઘાણીના તેલ**

- સિંગ તેલ (મગફળીનું તેલ)
- સરસવ તેલ
- રાયડા તેલ
- તલ તેલ
- કોપરેલ તેલ
- બ્લેન્ડેડ હેર ઓઇલ
- બ્લેન્ડેડ મસાજ ઓઇલ

**મસાલા**

- પ્રીમિયમ મરચું પાઉડર
- રેશમપટ્ટી મરચું પાઉડર
- હોટ તેજા મરચું પાઉડર
- પ્રીમિયમ હળદળ પાઉડર
- પ્રીમિયમ ધાણા જીરું
- ધાણા પાઉડર
- સિંધવ નમક
- નેચરલ ચા પત્તી

↓↓↓

**ડીલર બનવા અને વ્યાપારિક પૂછપરછ આવકાર્ય**



- ઉત્તર ગુજરાતના દરેક વિસ્તારોમાં ઉપલબ્ધ
- ગુણવત્તાની સંપૂર્ણ ખાતરી
- ભેળસેળ મુક્ત અને કુદરતી પદ્ધતિથી ઉત્પાદન
- અમારી વસ્તુ પસંદ ના આવે તો 100% રીફન્ડ (પરત) આપવામાં આવશે
- મક્તબાહ જાફરીયા ટ્રેડ ફેર, વાઇબ્રન્ટ ગુજરાત સમિટ, સ્ટાર્ટઅપ ગુજરાત સમિટ, WSSRO એક્ઝીબિશનમાં લોકોનો બહોળો પ્રતિસાદ

ગામ : બાદરગઢ, તાલુકો : પાલનપુર - બનાસકાંઠા, ગુજરાત - ૩૮૫૪૧૦

**વધુ માહિતી માટે સંપર્ક કરો:**
83476 14814

હઝરત ઇમામ ઝૈનુલ આબેદીન (અ.)ની કિતાબ
'રિસાલા હુકૂક'ની શર્હ

# આઈનાએ હુકૂક

સંપાદક: જનાબ કુદ્રતુલ્લાહ મશાયખી સાહેબ

# જ્ઞાનગોષ્ઠિ

સંપાદક: મોમિનરત્ન

## અહલેકિતાબ (કિતાબવાળાઓ)નો હક

**જિઝયાનો ફિક્હી હુકમ**

જિઝયાના ફિક્હી હુકમમાં પહેલી ચર્ચા એ સિલસિલામાં છે કે જિઝયો કોની પાસેથી લેવામાં આવે છે એ વિષે; બીજી ચર્ચા એ છે કે તેનું પ્રમાણ કેટલું છે અને તેની શર્તો શું છે? કોની પાસેથી લેવામાં આવે છે એ વિષે 'શરાએઉલ ઈસ્લામ' કિતાબમાં આ પ્રમાણે લખેલું છે:

જિઝયો એ લોકો પાસેથી લેવામાં આવે છે કે જેઓ પોતાના દીનનો એકરાર કરે છે, અને તે યહૂદી અને નસારા અને એ લોકો છે કે જેમની પાસે આસમાની કિતાબ હોવાની સંભાવના છે અને તેઓ મજૂસી છે.

ઈમામ અમીરુલ મોમિનીન (અ.) ફરમાવે છે,

"જિઝયો આપવામાં મજૂસી લોકો યહૂદી અને નસારાથી જોડાયેલા છે, કેમ કે તેઓ ભૂતકાળમાં અહલેકિતાબ હતા."

(વસાઈલુશ્શીઆ, જિલ્દ-૧૫, સફહા-૧૪૮)

કેટલીક રિવાયતોમાં બયાન થયું છે કે તેમના પયગમ્બરનું નામ 'વામાસત' હતું, અને તેમની કિતાબ 'જામાસત' હતી કે જે બાર હજાર ગાયોનાં ચામડાં પર લખેલી હતી.

અહલેકિતાબ સિવાય બીજા લોકો પાસેથી જિઝયો સ્વીકારવામાં આવતો નથી. મુશરિકોની બાબતમાં કુરઆન કહે છે:

فَاقْتُلُوا الْمُشْرِكِينَ حَيْثُ وَجَدْتُمُوهُمْ

*(જ્યાં પણ મુશરિકોને જુઓ, કતલ કરો.)*

(સૂરા તૌબા, આયત-૫)

બુતપરસ્તોની પરિસ્થિતિ આજે પણ સ્પષ્ટ છે. ટૂંકમાં, મજકૂર ત્રણ ફિરકાઓ પાસેથી જ જિઝયો લઈ શકાય છે, એ શર્તે કે તેઓ ઝિમ્માની શર્તો પર અમલ કરે. આ સિલસિલામાં અરબ અને અજમની વચ્ચે કોઈ તફાવત નથી. બાળકો અને પાગલો પાસેથી જિઝયો લેવામાં આવતો નથી.

**જિઝયાનું પ્રમાણ**

આલિમોની વચ્ચે મશહૂર છે કે જિઝયાનું કોઈ પ્રમાણ નક્કી નથી, બલ્કે તેનો સંબંધ ઈમામની સલાહ અને જિઝયો આપનારાઓની ઈસ્તેતાઅત (ક્ષમતા)થી છે. ઈસ્લામની તારીખથી એ બાબત

માલૂમ પડે છે કે ખૂબ જ ઓછો જિઝ્યો રાખવામાં આવતો હતો. ક્યારેક તો એક દીનાર જ અને ક્યારેક જિઝ્યો આપનારની ક્ષમતા અનુસાર રાખવામાં આવતો હતો.

**જિઝ્યાની શર્તો**

જિઝ્યાની છ શર્તો છે.(૧) જિઝ્યાપ્રથાને કબૂલ કરે; (૨) અમનો–અમાન વિરુદ્ધ કોઈ કામ ન કરે; ઉદાહરણ તરીકે, મુસલમાનો સાથે જંગનો મનસૂબો ન બનાવે; (૩) મુસલમાનોને આર્થિક નુકસાન ન પહોંચાડે અને તેમની ઈસ્મતનું અપમાન ન કરે; જો કે, અગર કોઈ શખ્સ રસૂલ (સ.)ને બૂરા કહે છે, તો તેને કતલ કરી દેવામાં આવશે; (૪) ઈસ્લામે જે વસ્તુઓની મનાઈ કરી છે, તેમના પર ખુલ્લંખુલ્લા અમલ ન કરે; ઉદાહરણ તરીકે, શરાબખોરી કરવી, સૂવરનું ગોશ્ત ખાવું અને મહરમની સાથે શાદી કરવી. જો તેમના પર અમલ કરશે તો કોલકરાર તૂટી જશે; (૫) ઈસ્લામી સરઝમીન પર કૈન્સા ન બનાવે, નાકૂસ ન વગાડે અને મુસલમાનો કરતાં ઊંચાં મકાન ન બનાવે; (૬) તેમના પર મુસલમાનોના હુકમો લાગુ થશે. ફકીહોએ આ શર્તો જિઝ્યા માટે બયાન કરી છે. અલબત્ત, ફિકહની કિતાબોમાં ફકીહોએ જિઝ્યાને વિગતવાર બયાન કર્યો છે. અમે ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)ના બયાન મુજબ ટૂંકમાં કામ લીધું છે. હવે જોવાનું એ છે કે અખ્લાકી અને ઈન્સાની દૃષ્ટિએ અહલેઝિમ્માના શું હક્કો છે.

**અહલેઝિમ્માનને લગતી મુસલમાનોની જવાબદારી**

ઈમામ અલી (અ.)એ પોતાના યુદ્ધ સંબંધી અને જિહાદને લગતા ખુત્બામાં કૂફાના લોકોને ફરમાવ્યું,

“મને ખબર મળી છે કે મુઆવિયાની ફોજનો કોઈ સિપાહી કોઈ મુસલમાન સ્ત્રી અને અહલેઝિમ્માની કોઈ સ્ત્રીના ઘરમાં ઘૂસીને તેનાં પગનાં ઝાંઝર, કંગન, ગુલુબંદ અને ગોશવારા ઝૂંટવીને લઈ ગયો. તેની પાસે હિફાઝતનું કોઈ સાધન ન હતું; તેથી તે લાચાર બનીને અને اِنَّا لِلّٰهِ وَاِنَّاۤ اِلَيۡهِ رٰجِعُوۡنَ કહીને બેસી રહી, અને તે લૂંટનો સામાન લઈને ચાલ્યા ગયા; ન તેમનામાંથી કોઈને જખમ લાગ્યો અને ન તો કોઈનું ખૂન વહ્યું. આ ઘટના પછી અગર કોઈ મુસલમાન ગમ અને ગુસ્સામાં મરી જાય, તો તેની નિંદા ન થવી જોઈએ, બલ્કે મારા મતે તો એમ જ થવું જોઈએ.”

(નહ્જુલ બલાગા, ખુત્બો–૨૭)

આવા સભ્ય અને સાદા બયાનથી ઈમામ અને રહેબરના દિલમાં કોમ અને મિલ્લત પ્રત્યે રહેલી મોહબ્બત અને હમદર્દીની જાણકારી મળે છે. જે વ્યક્તિ ઈસ્લામની પનાહમાં હોય, તેના પર આવા હુમલાથી આપ (અ.)ને તકલીફ થાય છે. એનાથી એ સ્પષ્ટ થાય છે કે ઈસ્લામ એ લોકોનો કેટલો ખ્યાલ રાખે છે કે જેઓ ઈસ્લામની પનાહમાં હોય.

જ્યારે ઈમામ અલી (અ.)એ એક ઈસાઈ માણસને લોકોની પાસે ભીખ માગતો જોયો, તો ફરમાવ્યું, “આ કોણ છે?” લોકોએ બતાવ્યું, “આ એક ઈસાઈ છે.” ફરમાવ્યું, “પહેલાં તો તમે તેની

પાસેથી કામ લીધું, હવે તે ઘરડો થઈ ગયો તો તેને છોડી દીધો?" હુકમ આપ્યો કે, "તેને બૈતુલમાલમાંથી એટલું આપવામાં આવે કે જેનાથી તેની જરૂરિયાત પૂરી થઈ જાય."

(વસાઈલુશ્શીઆ, જિલ્દ–૧૧, સફહા–૪૯)

**વાયદાનું પાલન**

ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)એ અહલેકિતાબ અને અહલેઝિમ્માના હકની બાબતમાં કેટલાક મહત્ત્વના અખ્લાકી વિષયોની તાકીદ ફરમાવી છે, એમાંથી વાયદાનું પાલન અને એ અહદને પૂરો કરવો પણ છે કે જે અહલેકિતાબથી કરવામાં આવે છે. ખુદાવંદે આલમ કુરઆને મજીદમાં ઈર્શાદ ફરમાવે છે:

وَاَوْفُوْا بِالْعَهْدِ ۚ اِنَّ الْعَهْدَ كَانَ مَسْـُٔوْلًا ۝٣٤

*(પોતાના અહદને પૂરો કરો, બેશક, અહદની બાબતમાં સવાલ કરવામાં આવશે.)*

(સૂરા ઈસરા, આયત–૩૪)

وَالَّذِيْنَ هُمْ لِاَمٰنٰتِهِمْ وَعَهْدِهِمْ رٰعُوْنَ ۝٨

*(અને જે લોકો પોતાની અમાનતોનું અને પોતાના અહદોપૈમાનનું ધ્યાન રાખે છે.)*

(સૂરા મોઅમિનૂન, આયત–૮)

આ બન્ને આયતોમાં વાયદા અને અહદને પૂરો કરવાનું ખૂબ મહત્ત્વ બયાન કરવામાં આવ્યું છે, અને તેને મોમિનોની ઓળખ ગણવામાં આવી છે. એમની બાબતમાં માણસને સવાલ કરવામાં આવશે. આ અંગે રસૂલલ્લાહ (સ.) અને અઈમ્મા (અ.)થી જે રિવાયતો નકલ કરવામાં આવી છે, એનાથી તેના મહિમાનો ખ્યાલ આવે છે.

અલી ઈબ્ને ઈબ્રાહીમથી મન્કૂલ છે કે તેમણે કહ્યું, "મેં ઈમામ જાફર સાદિક (અ.)થી સાંભળ્યું છે કે આપ (અ.) ફરમાવે છે કે, "મોમિનનું પોતાના ભાઈથી વાયદો કરવું એ એવી નઝ્રના જેવું છે કે જેનો કફ્ફારો નથી.""

(ઉસૂલે કાફી, જિલ્દ–૨, સફહા–૩૬૪)

જેવી રીતે નઝ્ર પર અમલ કરવો ઈન્સાનનું કર્તવ્ય છે, એવી જ રીતે અહદોપૈમાનને પૂરો કરવો પણ એના માટે વાજિબ છે.

રસૂલલ્લાહ (સ.) ફરમાવે છે,

"કાલે કયામતમાં તમારામાંથી એ શખ્સ મારાથી સૌથી વધારે નજીક હશે કે જેણે પોતાના વાયદાને પૂરો કર્યો હશે."

(વસાઈલુશ્શીઆ, જિલ્દ–૧૧, સફહા–૪૯)

બીજી હદીસમાં ફરમાવે છે,

"કાલે કયામતમાં તમારામાંથી એ શખ્સ મારાથી સૌથી વધારે નજીક હશે કે જે સૌથી વધારે સાચો, સૌથી વધારે અમાનત અદા કરનારો, સૌથી વધારે વાયદાને વફા કરવાવાળો અને સૌથી વધારે સુશીલ અને સૌથી વધારે લોકોથી નજીક હશે."

(તારીખે યાકૂબી, જિલ્દ–૨, સફહા–૩૯૨)

**મુસલમાન અથવા કાફિર સાથે પરસ્પર કોલકરાર**

રસૂલલ્લાહ (સ.) ફરમાવે છે,

"ત્રણ બાબતોની કોઈને છૂટ આપવામાં આવી નથી: (૧) મુસલમાન અથવા કાફિર સાથે કરેલા અહદોપૈમાનને પૂરો ન કરવાની (૨) માબાપ

સાથે નેકી ન કરવાની, ભલે ને પછી તે મુસલમાન હોય કે કાફિર (૩) અમાનત અદા ન કરવાની, ભલે ને પછી તે મુસલમાનની હોય કે કાફિરની.”

(મજમૂઆ વરામ, જિલ્દ–૨, સફહા–૧૨૧)

જે બાબત રિવાયતમાં બયાન થઈ છે, અને જેના પર અમલ કરવાની તાકીદ કરવામાં આવી છે, તેમને ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)એ આ હકમાં બયાન કરી દીધી છે. એટલા માટે જે વ્યક્તિએ ઝિમ્મીનો હક અદા કરી દીધો, તેણે ખુદા અને રસૂલ (સ.)નો હક અદા કરી દીધો, અને જો પોતાના અહદને પૂરો ન કર્યો, તો તેણે ઝુલ્મ કર્યો. રસૂલલ્લાહ (સ.) ફરમાવે છે,

“કયામતના દિવસે તેની સાથે ઝઘડો કરીશ.”

કુરઆને મજીદ હુકમ આપે છે કે ઈસ્લામના દુશ્મનોમાંથી જે લોકોએ તમારી સાથે કોઈ બુરાઈ નથી કરી, તમે પણ તેની સાથે બદી ન કરો.

لَا يَنْهٰىكُمُ اللّٰهُ عَنِ الَّذِيْنَ لَمْ يُقَاتِلُوْكُمْ فِى الدِّيْنِ وَلَمْ يُخْرِجُوْكُمْ مِّنْ دِيَارِكُمْ اَنْ تَبَرُّوْهُمْ وَتُقْسِطُوْٓا اِلَيْهِمْ ۭ اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُقْسِطِيْنَ ۝۸

*“ખુદા તમને (ક્યારેય) એ લોકોની સાથે નેકી અને અદ્લથી વર્તવાની મનાઈ નથી કરતો, કે જેઓ દીનની બાબતમાં તમારાથી જંગ નથી કરતા અને જેમણે તમને તમારા વતનથી બહાર નથી કાઢ્યા; બેશક, ખુદા ઈન્સાફ કરવાવાળાઓને દોસ્ત રાખે છે.”*

(સૂરા મુમ્તહના, આયત–૮)

કુરઆને મજીદ અહલેકિતાબને મુસલમાનોથી તેમના અકીદાઓના માજિયારા મસઅલાઓમાં મેળમેળાપ રાખવાની દાવત આપે છે અને તેમનાથી જુદા પડવાની મનાઈ કરે છે.

قُلْ يٰٓاَهْلَ الْكِتٰبِ تَعَالَوْا اِلٰى كَلِمَةٍ سَوَاۗءٍۢ بَيْنَنَا وَبَيْنَكُمْ اَلَّا نَعْبُدَ اِلَّا اللّٰهَ وَلَا نُشْرِكَ بِهٖ شَـيْـــًٔا وَّلَا يَتَّخِذَ بَعْضُنَا بَعْضًا اَرْبَابًا مِّنْ دُوْنِ اللّٰهِ ۭ فَاِنْ تَوَلَّوْا فَقُوْلُوا اشْهَدُوْا بِاَنَّا مُسْلِمُوْنَ ۝۶۴

*((અય રસૂલ (સ.)!) કહી દો કે અય અહલેકિતાબ! આવો, એ બાબત પર સહમત થઈ જાઓ કે જે અમારી અને તમારી વચ્ચે એકસમાન છે, અને તે એ છે કે આપણે ખુદા સિવાય કોઈની ઈબાદત ન કરીએ, અને ન કોઈને તેનો શરીક ગણીએ, અને એક ખુદા સિવાય આપણે આપણામાં કોઈને ખુદા ન માનીએ. આના પર જો તેઓ મોઢું ફેરવી દે તો કહી દો કે ગવાહ રહેજો કે અમે મુસલમાન છીએ.)*

(સૂરા આલે ઈમરાન, આયત–૬૪)

રિસાલતુલ હુકૂકના અંતમાં ઈમામ ઝૈનુલ આબેદીન (અ.) ફરમાવે છે,

“આ પચાસ હક્કો છે કે જે તમારા આખા અસ્તિત્વને ઢાંકેલ છે અને જિંદગીના કોઈ પણ વળાંક પર તમે તેના વર્તુળમાંથી બહાર નીકળી શકતા નથી. તેમના પર વિચાર કરવાની કોશિશ કરવી તમારા પર વાજિબ છે અને ખુદાથી મદદ માગો કે જેથી તે તમને આ હક્કોને અદા કરવાની તૌફીક અતા ફરમાવે અને ખુદાના સિવાય કોઈ તાકાત અને કુદરત નથી. સઘળી તારીફ અલ્લાહ માટે છે કે જે આલમીનનો પરવરદિગાર છે.”

# તહ્ઝીબુલ ઇસ્લામ

تہذیب الاسلام

લેખકઃ અલ્લામા મોહંમદ બાકિર મજલિસી
ઉર્દૂ અનુવાદકઃ મૌલાના સૈયદ મક્બૂલઅહમદ દહેલ્વી
ગુજરાતી અનુવાદકઃ હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

## પ્રકરણ–૨

## પુરુષો અને સ્ત્રીઓએ ઘરેણાં પહેરવાં, સૂરમો લગાવવો, આઈનામાં જોવું અને ખિઝાબ લગાવવાના આદાબ

### (૧૨) ખિઝાબની કેફિયત અને તેના આદાબ

સહીહ હદીસમાં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "ઘરડા માણસ માટે વસમા (નીલનાં પાંદડાં કે જેમાંથી ખિઝાબ તૈયાર કરવામાં આવે છે)નો ખિઝાબ કંઈ વાંધો નથી."

સહીહ હદીસમાં અને મૂસકમાં હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)થી નકલ કરવામાં આવી છે કે, "વસમાના ખિઝાબથી મારા દાંતોને નુકસાન થયું."

કેટલીક મોઅતબર હદીસોમાં આવ્યું છે કે જે સમયે હઝરત ઈમામ હુસૈન (અ.) શહીદ થયા, તો હઝરતની દાઢી મુબારક પર વસમાનો ખિઝાબ હતો.

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "વસમાનો ખિઝાબ કરવાથી સ્ત્રીઓની મોહબ્બત વધે છે અને કાફિરોનાં દિલોમાં ધાક બેસી જાય છે."

આ જ હઝરતથી નકલ કરવામાં આવ્યું છે કે, "હિનાનો ખિઝાબ કરવાથી ચહેરાની રોનક વધે છે, પરંતુ વાળની સફેદી પણ વધે છે." આ હદીસે હસન છે.

હદીસે સહીહમાં હસનથી નકલ કરવામાં આવ્યું છે કે, "હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.) હિના એટલે લાલ રંગનો ખિઝાબ લગાવ્યા કરતા હતા."

બીજી હદીસમાં ફરમાવ્યું છે કે, "હિનાના ખિઝાબથી વાસ જતી રહે છે, ચહેરાની રોનક વધે છે અને મોઢામાં સુગંધી પેદા થાય છે અને ઓલાદ સુંદર પેદા થાય છે."

હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જે સ્ત્રીના હૈઝના દિવસો કપાઈ ગયા હોય, હિનાનો ખિઝાબ કરવાથી પાછા આવી જશે."

બીજી હદીસમાં નકલ કરવામાં આવ્યું છે કે,

"હઝરત ઈમામ હુસૈન (અ.) અને હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.) હિનાનો અને વસમાનો ખિઝાબ મેળવીને લગાવ્યા કરતા હતા."

રસૂલે ખુદા (સ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "ખુદા તઆલાની નજીક સૌથી શ્રેષ્ઠ ખિઝાબ કાળા રંગનો છે."

બીજી હદીસમાં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "રસૂલે ખુદા (સ.)એ સ્ત્રીઓને એ વાતની છૂટ આપી છે કે પોતાના માથાના વાળને ખિઝાબના વડે કાળા રાખે."

આલિમોના જે કોલ છે એનાથી પણ જાણકારી જરૂરી છે. દાખલા તરીકે જનાબતની હાલતમાં ખિઝાબ કરવો મકરૂહ છે. એવી રીતે ખિઝાબ કર્યો હોય અને જનાબતની હાલતમાં આવવું પણ મકરૂહ છે.

પરંતુ કેટલીક મોઅતબર માહિતીથી સાબિત છે કે જ્યારે હિના કે મેંદી પોતાનો રંગ આપી ચૂકી હોય, તો તેના પછી જનાબત થવામાં કોઈ વાંધો નથી. વળી હૈઝવાળી સ્ત્રીએ પણ ખિઝાબ કરવો મકરૂહ છે.

## પ્રકરણ–૩

## ખાવા–પીવાના આદાબ

**(૧) એ વાસણો કે જે ખાવા–પીવામાં અને અન્ય કામોમાં વપરાય છે, અને જેની મનાઈ કરવામાં આવી છે તેનું વર્ણન**

સોના અને ચાંદીનાં વાસણોમાં ખાવું–પીવું જાઈઝ નથી, અને ખાવા–પીવા સિવાયનાં બીજાં કામોમાં ઉપયોગ કરવા વિષે મતભેદ છે, પરંતુ સાવચેતી એમાં છે કે એનાથી દૂર રહો. શણગારની રીતે પણ એ પ્રકારનાં વાસણો રાખવાથી દૂરી બહેતર છે. કેટલાકનો કોલ છે કે સોના–ચાંદીનાં વાસણોમાં જે ખાવાનું રાખવામાં આવે, તે હરામ થઈ જાય છે, પછી ભલે ને એ ખાણાને બીજાં વાસણોમાં પછી નાખી દે. આની કોઈ દલીલ તો નથી, પરંતુ દૂર રહેવું બહેતર છે. એક ટોળાની નજીક સોના–ચાંદીનાં વાસણોથી વુઝૂ કરવું બાતિલ છે.

સુરમાદાની, અત્તરદાની, અગરદાન, ચિલમ, કંદીલ, કુરઆને મજીદ અને દુઆઓ રાખવાનાં ખાનાં, અરીસા, વગેરે રાખવાનાં ખાનાં, અહીં સુધી કે અસા અને કલમ પણ સોના–ચાંદીનાં હોવામાં મતભેદ છે. સાવચેતી એ છે કે આ વસ્તુઓથી દૂર રહો. વળી હુક્કાની નળી સોના–ચાંદીની ન હોવી જોઈએ. જે વાસણોમાં સોના–ચાંદીનો ઢોળ ચઢેલો હોય એમાં ખાવું મકરૂહ છે. અને ખાય તો બહેતર એ છે કે સોના અને ચાંદીને મોઢું ન લગાવે. આલિમોમાં આ વાત મશહૂર છે કે સિવાય એ જાનવરના ચામડાની કે જે જીવતાં જ પાક હોય અને કાયદેસર શરઈ રીતે હલાલ કરવામાં આવે અથવા એ ચામડું કે જે મુસલમાનથી લેવામાં આવે, કોઈ બીજા ચામડાનો ઉપયોગ જાઈઝ નથી. મરેલા જાનવરનું ચામડું અને એવું ચામડું કે જે ક્યાંય

પડેલું મળી જાય, તેના વિષે એવું ધારવામાં આવે કે કોઈ મુસલમાનના હાથથી પડેલું હશે — જેમ કે મસ્જિદમાંથી જૂતાં પડેલાં મળી જાય — તો પણ તેનો ઉપયોગ હરામ છે. કેટલાકનો કોલ છે કે મરેલા જાનવરના ચામડાનો ઉપયોગ એવાં કામોમાં હોવો જોઈએ કે જેમાં પાકીઝગીની શર્ત ન હોય, જેમ કે ખેતીને પાણી આપવું, જાનવરોને પાણી પિવડાવવું. આ કોલ મજબૂત તો છે તેમ છતાં તેનાથી દૂર રહેવું સાવચેતી છે. એવી જ રીતે કેટલાકની નજીક તે ચામડાનો ઉપયોગ યોગ્ય છે જેની નિસ્બત એ ગુમાન કરવામાં આવે કે મુસલમાનના હાથથી ઝુબ્હ થયેલું છે અથવા મુસલમાનના હાથથી પડેલું હોય. આ પણ કુવ્વતથી ખાલી નથી. તેમ છતાંય દૂર રહેવામાં સાવચેતી છે.

એ જાનવરનું ચામડું કે જે ગોશ્ત ન ખાતું હોય, પરંતુ પાક હોવાને યોગ્ય હોય, તેનો ઉપયોગ તો કરી શકીએ છીએ, પરંતુ ચામડાને પકવવા પહેલાં ઉપયોગ કરવો મકરૂહ છે.

જે વાસણમાં શરાબ રહી હોય, જો કે તેની નજાસતે એમાં દખલ ન કરી હોય, — જેવી રીતે કાચ અને તાંબાનાં વાસણ — તો તે ધોવાથી પાક થઈ શકે છે. એવી રીતે કાચી ચીનાઈ માટીનાં વાસણો કે જેમાં કોઈ એવું કાણું ન હોય કે જેમાં શરાબ શોષાઈ જતી હોય, તો પાક થઈ શકે છે, પરંતુ કુંભારોનાં બનાવેલાં સામાન્ય માટીનાં વાસણો જો નાપાક હોય અથવા થઈ જાય, તો મશહૂર કોલ એ છે કે આબે કસીરમાં ડુબાડવાથી પાક થઈ શકે છે, એ શરતે કે એમને પાણીમાં એટલી વાર રાખવામાં આવે કે પાણી એમાં દાખલ થઈ જાય અને નજાસતની અસર એના પર જરા પણ રહે નહીં. તેમ છતાં પણ તેનાથી દૂર રહેવું સાવચેતી છે.

હઝરત રસૂલે ખુદા (સ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જે વ્યક્તિ દુનિયામાં સોના–ચાંદીનાં વાસણોમાં ખાય અથવા પીએ, તો આકેબતમાં જન્નતમાં પહોંચીને એવાં વાસણોથી વંચિત રહેશે."

સહીહ સનદથી મોહંમદ ઈબ્ને ઈસ્માઈલ ઈબ્ને યુરીથી નકલ કરવામાં આવ્યું છે કે, "મેં હઝરત ઈમામ રઝા (અ.)ને સોના અને ચાંદીનાં વાસણોની બાબતમાં સવાલ કર્યો. આપ (અ.)એ અણગમો જાહેર કર્યો. મેં અરજ કરી કે, "અમને તો આ રિવાયત મળી છે કે હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.)ની પાસે એક અરીસો હતો કે જેના પર ચાંદી ચઢાવવામાં આવી હતી." આપ (અ.)એ ફરમાવ્યું કે, "એવું નથી, પરંતુ તેની આજુબાજુ ફક્ત ચાંદીની એક ફ્રેમ હતી, અને અલ્હમ્દોલિલ્લાહ આજે પણ એ મારી પાસે છે." પછી ફરમાવ્યું કે, "જે સમયે મારા ભાઈ અબ્બાસના ખત્ના થયા હતા, કોઈએ તેમના માટે એક લાકડી બનાવી હતી, તેના પર એટલી ચાંદી ચઢાવવામાં આવી હતી કે ફક્ત મૂઠની ચાંદીની કિંમત ૧૦ દીનાર અથવા ૬૩૦ દિરહમ અજમી હતી, પરંતુ હઝરત મૂસા કાઝિમ (અ.)એ હુકમ આપ્યો હતો કે આને તોડી નાખો.""

મોઅતબર હદીસમાં હઝરત ઈમામ મૂસા ઈબ્ને જાફર (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, “સોના–ચાંદીનાં વાસણો એ લોકો પાસે હોવાં જોઈએ કે જેમને આખેરતનું યકીન નથી.”

બીજી હદીસમાં અમ્ર ઈબ્ને અબી અલ મકદામથી રિવાયત છે કે, “એક વ્યકિત હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ને પાણી પિવડાવવા માટે એક વાસણ લાવી કે જેના પર ચાંદીનો એક ટુકડો જડેલો હતો. મેં જોયું કે આપ (અ.)એ પોતાના દાંત મુબારકથી તેને વાસણથી જુદો કરી દીધો.”

મુવસ્સક હદીસમાં ઈમામ જાફર સાદિક (અ.) થી નકલ કરવામાં આવ્યું છે કે, “એ વાસણમાં પાણી પીવું મકરૂહ છે કે જેના પર ચાંદીનો ઢોળ હોય અથવા જેની બનાવટમાં ચાંદી પણ દાખલ હોય. વળી આ પ્રકારના તેલ લગાવવાની ડબ્બી અથવા એ પ્રકારની કાંસકીથી કંગી કરવી મકરૂહ છે.”

મોઅતબર હદીસમાં ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, “માટીનાં વાસણો કે જે મિસ્રથી આવે છે અને પાકાં હોય છે, તેમાં કોઈ વસ્તુ ખાવી મકરૂહ છે.” મોઅતબર રિવાયતમાં હઝરત ઈમામ રઝા (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, “જે માટીનાં વાસણો મિસ્રથી આવે, એમાં ખાવાનું ખાઓ નહીં.”

યુરી ઈબ્ને અમ્રથી નકલ કરવામાં આવ્યું છે કે, “હું હઝરત ઈમામ મોહંમદ તકી (અ.)ની સેવામાં હાજર થયો. જોયું કે આપ (અ.) એક કાળા પ્યાલામાં ખાવાનું ખાઈ રહ્યા છે કે જેની વચમાં પીળા રંગથી સૂરા કુલ્હોવલ્લાહ કોતરાયેલું છે.”



# આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન

લેખક: ડૉ. સૈયદ હુસૈન નસ્ર        અનુવાદક: મોમિન આબિદહુસૈન સાવદી

## વિભાગ–૧

## ઈસ્લામનો પયગામ

### પ્રકરણ ૨: અલ્લાહ, માણસ અને કાએનાત — મઆદ વિષેના પ્રશ્નો

**કાએનાત**

જેમ કે અગાઉ ઉલ્લેખ કર્યો છે તેમ, કુરઆને મજીદ કેવળ મનુષ્યજાતને સંબોધતું નથી, પરંતુ એક અર્થમાં તે અલ્લાહની મખ્લૂકને પણ સંબોધે છે. ઘણી આયતોમાં અલ્લાહ પોતે, તેણે ખિલ્કત કરેલ વિવિધ મખ્લૂકાતની કસમ ખાય છે, જેમ કે સૂરજ અને ચાંદ, અથવા તો વિવિધ ફળો. અને તેની ઘણી આયતોમાં કુરઆન માણસના ધ્યાનને (એ) અતુલ્ય હિકમત તરફ દોરે છે, કે જે (હિકમત) તેની મખ્લૂકમાં ઝળકે છે. જેવી રીતે ઈસ્લામ પોતે માણસની મૂળ પ્રકૃતિ (ફિતરત)ને સંબોધે છે, તેવી જ રીતે તે આ ઈલાહી પયગામને પણ ઉજાગર કરે છે, કે જે વૃક્ષોનાં પાંદડાં પર, પહાડોની સપાટીઓ પર, અને તારાઓથી ભરેલા આસમાન પર અંકિત છે. તેથી જ કુરઆનની પંક્તિઓ અને કુદરતના નઝારાઓ બન્નેને આયત કહેવામાં આવે છે. કુરઆન, માણસની આત્માની અંદર તેમ જ સર્જિત દુનિયામાં પણ અલ્લાહની આયત અથવા નિશાની હોવા વિષેની ગવાહી આપે છે, જેવું કે કુરઆનની મશહૂર આયતમાં આવ્યું છે, નજીકમાં જ અમે તેમને અમારી નિશાનીઓ દેખાડી દઈશું, ક્ષિતિજોમાં રહેલી તેમ જ તેઓના અંતરાત્મામાં રહેલી, એટલે સુધી કે તે તેમના સામે આશકાર થઈ જશે કે તે સત્ય છે.[1]

ઈસ્લામી દૃષ્ટિકોણ મુજબ, આ દુનિયાનું સર્જન અલ્લાહે કર્યું છે; તે જ તેને ચલાવે છે અને તે તેની જ તરફ પાછી ફરનારી છે. આ આયત, તે જ પહેલો અને અંતિમ છે, તે જ જાહેર અને બાતિન છે,[2] ના ઘણા અર્થોમાંથી એક અર્થ એ પણ છે કે અલ્લાહ જ આ કાએનાતની શરૂઆત અને

1 સૂરા ફુસ્સિલત, આયત–૫૩
2 સૂરા હદીદ, આયત–૩

તેનો અંત છે. તે જ દરેક વસ્તુનો બાતિની અર્થ પણ છે, અને બાહ્ય નિશાનીઓ અથવા વસ્તુઓનાં બાહ્ય પાસાં તેનાં નામો અને સિફતોમાં ઝળકે છે. આખુંય વિશ્વ કે જેને આપણે જાણીએ છીએ અને જેનો આપણે એહસાસ કરીએ છીએ તેનું સર્જન અલ્લાહ દ્વારા જ કરવામાં આવ્યું છે. જો કે, તે શાશ્વત નથી પરંતુ અલ્લાહના સર્જનનું પરિણામ છે, ચોકકસપણે, તેનો ઉદ્‌ભવ સમયના સંદર્ભમાં પરિમાણીય (માપી શકાય તેવો) નથી; નહીંતર ઈલાહી પ્રકૃતિમાં ફરક હોત, જેને ઈસ્લામ સ્વીકારતો નથી. આખાય બ્રહ્માંડની વ્યવસ્થા જેમ કે જેને આપણે જાણીએ પણ છીએ અને જોઈએ પણ છીએ, તેનું એક ઉદ્‌ભવ છે, અને એક અંત છે. ઉદ્‌ભવ ઈલાહી હુકમ 'કુન ફયકુન'[1] (જેનો અર્થ થાય, 'થા, તો તે થઈ ગયું') વડે થયો છે, અને તે તેની જ તરફ પાછું ફરનારું છે. વધુમાં, અલ્લાહ તેને પુનઃસર્જન કરવા પર કુદરત ધરાવે છે, અને નવી મખ્લૂકને સર્જન કરવા પર પણ કુદરત ધરાવે છે, જેને કુરઆન 'નવા સર્જન (ખલ્કુન જદીદુન)' તરીકે સંબોધે છે. તેથી, એક મુસલમાને હંમેશાં તેની આસપાસ રહેલી દુનિયાની સર્જિત પ્રકૃતિ અંગે વાકેફ રહેવું જોઈએ. કાએનાત પોતે કંઈ એક સ્વતંત્ર વાસ્તવિકતા નથી. તે પોતાના અસ્તિત્વની દરેક ક્ષણે ઈલાહી રોજી પર આધરિત છે. વધુમાં, તેના કાયદા, સુમેળ, અને વ્યવસ્થા એ સઘળી બાબતો અલ્લાહ તરફથી અપાયેલ છે. સર્જિત વ્યવસ્થામાં રહેલ અતુલ્ય સુમેળતા તોહીદનું તેમ જ અનેકતાવાળી અને વિવિધતાભરી દુનિયામાં એકત્વના વ્યકત સ્વરૂપનું પ્રતિબિંબ છે.

મુસલમાનો પ્રકૃતિના કાયદાઓને એવા સ્વતંત્ર કાયદાઓ તરીકે નથી જોતા કે જે પોતાની મેળે ચાલ્યા કરતા હોય, જાણે કે દુનિયાનું પોતાનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ હોય. તેઓ આ કાયદાઓને અલ્લાહની હિકમતની અભિવ્યકિત તરીકે જુએ છે, અને તેની મરજીના પરિણામ તરીકે પણ જુએ છે. તે અલ્લાહ જ છે કે જેણે ચાહ્યું કે દરેક સવારે સૂર્ય પૂર્વમાંથી ઊગે અને પશ્ચિમમાં આથમે, અને મખ્લૂક હવામાં ઊડે કે સમુદ્રમાં તરે. તે અતુલ્ય બાબત છે કે કુરઆનની ઘણીબધી આયતો પ્રકૃતિની વ્યવસ્થાને સંચાલિત કરતા સૌથી ગહન કાયદાઓનો ઉલ્લેખ કરે છે. કુરઆન પ્રકૃતિની દુનિયા વિષેના માણસના ઈલ્મને વખોડી કાઢવાને બદલે, માણસને પ્રકૃતિની વ્યવસ્થાનો અભ્યાસ કરવા માટે સતત પ્રોત્સાહિત કરે છે, એ વાતના સ્વીકારની સાથે કે દુનિયા વિષેનું આ ઈલ્મ હંમેશાં અલ્લાહના ઈલ્મને આધીન રહેલું છે. અને એ વાત હંમેશાં યાદ રાખવી જોઈએ કે આ વિશ્વ પોતે સંપૂર્ણપણે સ્વતંત્ર નથી, પરંતુ તેણે પોતાનાં અસ્તિત્વ, કાયદાઓ, સુમેળતા અને પરિવર્તનોને, બધાં અસ્તિત્વોના સ્ત્રોત એવા અલ્લાહ પાસેથી મેળવ્યાં છે.

1 સૂરા યાસિન, આયત–૮૨

મૂળભૂત રીતે એવું કહી શકાય કે આખીય પ્રકૃતિ 'મુસ્લિમ' છે, એ અર્થમાં કે તેણે પોતાને સંપૂર્ણપણે અલ્લાહની મરજી આગળ સમર્પિત (તસ્લીમ) કરી દીધી છે. તમામ મખ્લૂકાત એ પ્રકૃતિ (ફિતરત) ને અનુસરે છે જે અલ્લાહે તેમને આપી છે. એક નાસપતીનું ઝાડ હંમેશાં નાસપતી જ આપે છે, એક માછલી હંમેશાં માછલીની પ્રકૃતિ (ફિતરત) પર જ રહે છે, અને એક પક્ષી પોતાના પક્ષીપણા પર જ કાયમ રહે છે. તે કેવળ માણસ જ છે કે જેને પોતાની ફિતરત (મૂળ પ્રકૃતિ) વિરુદ્ધ બળવો (કાર્ય) કરવાની સ્વતંત્રતા આપવામાં આવી છે. તેથી, સર્જિત દુનિયા અથવા પ્રકૃતિની દુનિયા માણસને સતત યાદ અપાવે છે કે ખરા અર્થમાં મુસ્લિમ થવાનો શો અર્થ છે, અને તે એ છે કે અલ્લાહની મરજીને સંપૂર્ણ સમર્પિત થઈ જવું.

કુરઆન પ્રમાણે, જ્યારે અલ્લાહે હઝરત આદમ (અ.)ને બધી વસ્તુઓનાં નામો શીખવ્યાં અને તેના વડે હકીકતમાં અલ્લાહે માણસને સઘળી વસ્તુઓ પર સત્તા આપી, તો માણસને સાથેસાથે સર્જિત વ્યવસ્થા ઉપર તેમની સુરક્ષાની જવાબદારી પણ સોંપી. પ્રકૃતિને 'તસ્ખીર' એટલે કે માણસના તાબે કરવાનો અર્થ પ્રકૃતિ પર સ્વાર્થભર્યો અને અવિચારી કબજો અને પ્રભુત્વ હાસિલ કરી લેવું નથી. તેનો અર્થ એ છે કે પ્રકૃતિ સાથે સુમેળતાની સાથે જીવવામાં આવે, પ્રકૃતિમાં અલ્લાહની હિકમતોને નિહાળતાં–નિહાળતાં જીવવામાં આવે, અને કુદરતી નેઅમતોનો ઉપયોગ માણસના છેવટના હેતુ અનુસાર શાણપણ અને સમજદારીની સાથે કરતાં–કરતાં જીવવામાં આવે, એટલે કે સારા મુસલમાન તરીકે અને ખાલિક તરફ પાછા ફરનારા તરીકે જીવવામાં આવે. ઈસ્લામના નૈતિક સિદ્ધાંતો એક અર્થમાં માનવસમાજથી આગળ વધીને પ્રાણીઓ, છોડ–વૃક્ષ, ખનીજો, અને ખરેખર, સમગ્ર નિર્જીવ વિશ્વને પણ આવરી લે છે. આ દુનિયામાં એક સારા મુસલમાન તરીકે જીવવાનો અર્થ એ છે કે દરેક જગ્યાએ અલ્લાહની હિકમતને નિહાળવી, અને તેની મખ્લૂકાતની સારસંભાળ લેવી, જેવી રીતે તે આપણી અને અન્ય મખ્લૂકાતની સારસંભાળ લે છે. એક સારા મુસલમાન તરીકે હંમેશાં યાદ રાખવું જોઈએ કે તે અલ્લાહ જ છે કે જેણે કુદરતી નિઝામની સુમેળતા, વિવિધતા, અને સુંદરતાને પેદા કરી, ટકાવી રાખી અને તેની સારસંભાળ રાખી. અને તેણે જ અન્ય મખ્લૂકાતને અધિકારો આપ્યા, અને તે અધિકારોને પૂરા કરવાની જવાબદારી માણસ પર રાખી. (ક્રમશઃ)



રાશેદાફાતેમા હસનઅલી
મોટલા (ઈલોલ તલાવ)
CGPA - 8.55
B.Sc (Physics)



# મુનાજાત

## માહે જમાદીઉલ અવ્વલના આમાલ

આ મહીનામાં જે સમયે ઈચ્છો ત્યારે ચાર રકાત નમાઝ બે-બે રકાત કરીને આ મુજબ બજાવી લાવે:

પહેલી રકાતમાં સૂરા હમ્દ પછી એક વખત આયતુલ કુરસી અને પચ્ચીસ વખત સૂરા કદ્ર પઢે, અને બીજી રકાતમાં સૂરા હમ્દ પછી એક વખત સૂરા તકાસુર અને પચ્ચીસ વખત સૂરા તૌહીદ પઢે. અને બીજી બે રકાતની પહેલી રકાતમાં સૂરા હમ્દ પછી એક વખત સૂરા કાફેરૂન અને પચ્ચીસ વખત સૂરા ફલક પઢે, અને બીજી રકાતમાં સૂરા હમ્દ પછી એક વખત સૂરા નસ્ર અને પચ્ચીસ વખત સૂરા નાસ પઢે. અને નમાઝ પછી ૭૦ વખત આ મુજબ પઢે:

سُبْحَانَ اللهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ اِلَّا اللهُ وَاللهُ اَكْبَرُ

**અને ૭૦ વખત આ મુજબ પઢે:**

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ

**અને ત્રણ વખત આ મુજબ પઢે:**

اَللّٰهُمَّ اغْفِرْ لِلْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنَاتِ

**પછી સજ્દામાં જઈને ત્રણ વખત આ મુજબ પઢે:**

يَا حَيُّ يَا قَيُّوْمُ يَا ذَا الْجَلَالِ وَالْاِكْرَامِ يَآ اَللهُ يَا رَحْمٰنُ يَا رَحِيْمُ يَآ اَرْحَمَ الرَّاحِمِيْنَ

પછી પોતાની જે હાજત હોય તે માગવી, કેમ કે જે વ્યક્તિ આ અમલ બજાવી લાવે તો અલ્લાહ તઆલા આવતા વર્ષ સુધી તેને પોતાને, તેની દોલતને, તેના પરિવારને અને તેના બાળકોના માટે દીન અને દુનિયા સુરક્ષિત કરી દેશે. જો તે વ્યક્તિ આ વર્ષમાં મૃત્યુ પામે તો તેને શહીદના સવાબ બરાબર સવાબ આપવામાં આવશે.

# હઝરત આબિસ ઇબ્ને અબી શબીબ શાકિરી (અ.)

- મૌલવી મોહંમદઅલી ભગત (બાદરપુર)

કરબલાના શહીદ, મૌલા અલી (અ.) અને ઈમામ હુસૈન (અ.)ના સહાબી[1]

**હસબ–નસબ:**

આપ (અ.)નું પૂરું નામ આબિસ ઈબ્ને અબી શબીબ ઈબ્ને શાકિર ઈબ્ને રબીઆ ઈબ્ને માલિક ઈબ્ને સઅબ ઈબ્ને મુઆવિયા ઈબ્ને કસીર ઈબ્ને માલિક ઈબ્ને જશ્મ ઈબ્ને હાશિદ હમ્દાની શાકિરી છે. બનૂ શાકિર એ હમ્દાન કબીલાની એક શાખ છે.[2]

**સિફતો:**

આબિસ (અ.) શીઆ હતા, પોતાના કબીલાના ઈજ્જતદાર માણસ હતા. આપ (અ.) બહાદુર, ખતીબ, હાજી અને નમાઝે તહજ્જુદ પઢનારા હતા. બનૂ શાકિર અમીરુલ મોમિનીન (અ.)ની વિલાયતમાં ખૂબ જ મુખ્લિસ હતા. આ કબીલાના લોકોએ અમીરુલ મોમિનીન (અ.) સાથે રહીને જંગે જમલ, જંગે સિફ્ફીન અને જંગે નહ્રવાન કર્યો હતો, એટલા જ માટે તેમના વિષે અમીરુલ મોમિનીન (અ.)એ જંગે સિફ્ફીનમાં ફરમાવ્યું હતું કે, "જો તેમની સંખ્યા એક હજાર જેટલી થઈ જાય તો અલ્લાહની સાચા અર્થમાં ઈબાદત થવા લાગે." અને આ કબીલાના લોકો બહાદુર તેમ જ લોકોની મદદ કરનારા હતા. આ કબીલાના લોકોને 'ફતયાનુસ્સબાહ'ના નામથી યાદ કરવામાં આવતા હતા. આનો શાબ્દિક અર્થ 'વહેલી સવારના જવાનો' થાય છે. આ લકબ એટલા માટે આપવામાં આવ્યો હતો કે મોટા ભાગે જંગ સવારે વહેલા થતો હોય છે, એટલા માટે આ લોકોની બહાદુરીને જોતાં તેમને એ જ સમયથી મન્સૂબ કરવામાં આવ્યા છે. આ લોકો બનૂ હમ્દાનની એક શાખ 'બનૂ વાદિઆ'ની પાસે વસ્યા હતા, એટલા માટે તારીખી કિતાબોમાં હઝરત આબિસ (અ.) ના નામની પાછળ 'વાદિઈ' પણ જોવા મળે છે.[3]

**ઈમામ (અ.)ના પત્ર પછી કૂફામાં તકરીર:**

હઝરત આબિસ (અ.) એવા મોમિનોમાંથી હતા કે જેમને અલ્લાહની રાહમાં પોતાનો જીવ કુરબાન કરવાનો જઝબો પહેલાંથી જ હતો, અને કૂફામાં ઈમામ હુસૈન (અ.)ની ચળવળમાં પુરજોશથી ભાગ લીધો હતો. એટલા જ માટે જ્યારે કૂફામાં મુઆવિયાની મોતની ખબર પડી તો બધા લોકોએ મળીને ઈમામ (અ.)ને પત્રો

1 અલ–રિજાલ લિત્તૂસી, સફહા–૭૮

2 ઈબ્સારુલ ઐન ફી અન્સારિલ હુસૈન (અ.), સફહા–૧૨૬

3 ઈબ્સારુલ ઐન ફી અન્સારિલ હુસૈન (અ.), સફહા–૧૨૭

લખ્યા, જેના પરિણામ–સ્વરૂપે ઈમામ (અ.) એ પોતાના ભાઈ મુસ્લિમ ઈબ્ને અકીલ (અ.) ને કૂફામાં મોકલ્યા. કૂફાના લોકો આપ (અ.) ની બૈઅત કરવા લાગ્યા. હઝરત મુસ્લિમ (અ.) એ કૂફીઓની સામે ઈમામ (અ.)નો પત્ર વાંચી સંભળાવ્યો. પત્ર સાંભળીને કૂફીઓ રડવા લાગ્યા, અને ખુત્બાઓ આપવા લાગ્યા અને ઈમામ (અ.) પર કુરબાન થવાની તૈયાર બતાવી. એ સમયે સૌથી પહેલાં હઝરત આબિસ (અ.) ઊભા થયા અને એક ખુત્બો આપ્યો, જેમાં આપ (અ.)એ અલ્લાહની હમ્દોસના કર્યા પછી ફરમાવ્યું કે, "હું આપને બીજા લોકો વિષે કહી રહ્યો નથી, અને મને એ પણ ખબર નથી કે એ લોકોનાં દિલોમાં શું છે, અને ન તો હું એ લોકોના વિષે આપને ફરેબ આપવાની વાત કરું છું. પરંતુ અલ્લાહની કસમ, હું આપને એ વાત બતાવવા માગું છું કે જે મારા દિલે નક્કી કરી લીધું છે. અલ્લાહની કસમ, જ્યારે આપ મને બોલાવશો તો હું જરૂરથી આવીશ, અને આપની સાથે મળીને આપના દુશ્મનો વિરુદ્ધ જંગ કરીશ, અને મારી આ તલવારની મદદથી આપના તરફથી જંગ કરીશ, એટલે સુધી કે અલ્લાહથી મુલાકાત કરી લઈશ, અને મને ફક્ત આના કારણે અલ્લાહના સવાબની જ ઉમ્મીદ છે."[1]

જોવામાં આવે તો હઝરત આબિસ (અ.)નો આ ખુત્બો ટૂંકો અને ખૂબ અર્થસભર હતો. આપ (અ.) બીજા કૂફાવાસીઓ પર ભરોસો ન કરવાની વાત કરે છે, અને તેમના ઈરાદાની કમજોરી અને તેમના વાયદાઓની બેવફાઈનો ઉલ્લેખ કરી દે છે. આનાથી એ સાબિત થાય છે કે હઝરત આબિસ (અ.) કૂફીઓના વર્તનથી ખૂબ સારી રીતે માહિતગાર હતા. આપ (અ.) ફક્ત પોતાના નફસની જ જવાબદારી લે છે, અને વફાદારી કરવાની કસમ પણ ખાય છે.

આ જ બાબતથી આપ (અ.)ની શખ્સિયતના અનોખા હોવાની વાત પણ સાબિત થાય છે, કારણ કે આ બેઠકમાં મોટા મોટા મર્તબાવાળા માણસો પણ બેસેલા હતા, પરંતુ તે બધામાં હઝરત આબિસ (અ.)એ શરૂઆત કરી, અને આપ (અ.) નો આ ખુત્બો એટલો ટૂંકો અને અર્થસભર હતો કે હઝરત હબીબ ઈબ્ને મુઝાહિર (અ.)એ આપ (અ.)ની તારીફમાં કહ્યું કે, "અલ્લાહ તમારા પર રહમ કરે, આપે ખૂબ જ ટૂંકાણમાં એ બધી જ વાત કરી દીધી કે જે આપના દિલમાં હતી."[2]

**કૂફાથી રવાનગી:**

જ્યારે હઝરત મુસ્લિમ (અ.)ના હાથ પર ૧૮ હજાર લોકોએ બૈઅત કરી, તો આપ (અ.) એ પરિસ્થિતિથી ઈમામ (અ.)ને વાકેફ કરવા માટે એક પત્ર લખ્યો. આ પત્ર હઝરત મુસ્લિમ (અ.)એ હઝરત આબિસ ઈબ્ને અબી શબીબ શાકિરી (અ.) ને જ આપ્યો હતો કે તેઓ પોતે જ જઈને ઈમામ

1 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૩૫૫

2 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૩૫૫

(અ.)ને તે પત્ર આપે. એટલા માટે હઝરત આબિસ (અ.) તે પત્ર લઈને ઈમામ (અ.)ને આપે છે.[1]

એટલા જ માટે હઝરત મુસ્લિમ (અ.)ની શહાદત વખતે હઝરત આબિસ (અ.)નો કોઈ ઉલ્લેખ મળતો નથી. આપ (અ.) ઈમામ (અ.) ની સાથે જ હતા, અને પછી આપ (અ.)ની સાથે જ કરબલામાં પણ આવ્યા હતા. આ વખતે આપ (અ.)ના ગુલામ શૌઝબ (અ.) પણ સાથે હતા.

**પોતાના ગુલામ શૌઝબ (અ.)ને વસિયત અને હઝરત શૌઝબ (અ.)ની શહાદત:**

હઝરત આબિસ (અ.)ની સાથે આપ (સ.) ના ગુલામ હઝરત શૌઝબ (અ.) પણ હતા. આપ (અ.)એ રોઝે આશૂરા પોતાના ગુલામ હઝરત શૌઝબ (અ.)ને ફરમાવ્યું કે, "અય શૌઝબ! તમે શું કરવા માગો છો?" હઝરત શૌઝબ (અ.)એ જવાબ આપ્યો કે, "હું શું કરું? આપની સાથે રસૂલલ્લાહ (સ.)નાં બેટીના ફરઝંદની મદદમાં જંગ કરું અને શહીદ થઈ જાઉં." હઝરત આબિસ (અ.)એ જવાબ આપ્યો કે, "તમારાથી મને આ જ આશા હતી. માટે આગળ વધીને અબૂ અબ્દિલ્લાહ (અ.) પર પોતાનો જીવ કુરબાન કરી દો, જેથી ઈમામ (અ.) તમારી મુસીબત એ રીતે સહન કરી લે કે જેવી રીતે પોતાના બીજા સહાબીઓની સહન કરી હતી, અને હું પણ તમારી મુસીબતને સહન કરીને અલ્લાહના સવાબનો હકદાર બની જાઉં. જો અત્યારે તમારા સિવાય બીજો કોઈ માણસ મારી પાસે હોત કે જેના પર હું અધિકાર ધરાવતો હોઉં, તો મને એ બાબત પસંદ પડતી કે તે મારી સામે જ જંગના મેદાનમાં જાય કે જેથી હું તેની મુસીબત સહન કરીને અલ્લાહના સવાબનો હકદાર બની જાઉં, કારણ કે આજે એ દિવસ છે કે જેમાં આપણાથી જેટલું પણ શક્ય હોય એટલા પ્રમાણમાં કોશિશ કરીને સવાબ મેળવવાનો છે, કારણ કે આજના દિવસ પછી અમલનો રસ્તો બંધ છે, ફક્ત હિસાબ જ છે." તેથી હઝરત શૌઝબ (અ.) આગળ આવ્યા અને ઈમામ હુસૈન (અ.)ને સલામ કરી. મેદાનમાં આવ્યા અને શહીદ થઈ ગયા.[2]

આ એ શબ્દો છે કે જેને શાયરીના સ્વરૂપમાં દરેક માણસ કહી શકે છે, પરંતુ મુસીબતના વખતે યોગ્ય સમયે આવા શબ્દો કહેવા ઘણા મુશ્કેલ છે. શબ્દોથી એવું જાહેર થાય છે કે ઈમામ હુસૈન (અ.)ની મદદમાં મુસીબત ઉઠાવવાનો શહીદોને શોખ હતો, અને તકલીફો સહન કરવાનો જઝબો સ્વૈચ્છિક હતો. આજે તારીખમાં લખાઈ ચૂક્યું છે કે આ ગુલામ તેમના આકાના પહેલાં શહીદ થાય છે, પરંતુ હકીકતમાં આ હઝરત આબિસ (અ.)ની જ કુરબાની હતી.

**ઈમામ (અ.)થી રુખ્સત:**

જ્યારે ઈમામ (અ.)ના લશ્કરમાં બાકી રહેલા

1 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૩૭૫

2 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૪૪૩; મક્તલુલ હુસૈન લિલખ્વારિઝમી, જિલ્દ–૨, સફહા–૨૨

શહીદોએ જોયું કે સહાબીઓ મેદાનમાં જાય છે અને શહીદ થતા જાય છે, અને ઈમામ હુસૈન (અ.) ની હિફાઝત કરવી મુશ્કેલ બનતી જાય છે, તો બધા ઝડપથી રજા લેવા માટે ઈમામ (અ.)ની પાસે આવે છે, અને રજા લઈને મેદાનમાં જવા લાગે છે અને શહીદ થવા લાગે છે.[1]

એવામાં હઝરત આબિસ (અ.) ઈમામ (અ.) ની ખિદમતમાં આવે છે, અને અરજ કરે છે કે, "અય અબૂ અબ્દિલ્લાહ! અલ્લાહની કસમ, જમીન પર નજીકના લોકો કે દૂરના લોકોમાંથી મને કોઈ આપના કરતાં વધારે ઈઝ્ઝતના લાયક કે મહબૂબ નથી. જો હું મારા જીવ અને લોહી કરતાં વધારે પ્રિય વસ્તુ વડે આ લશ્કર અને કાતિલોથી આપની હિફાઝત કરી શકતો હોત, તો હું જરૂરથી કરી દેતો. અય અબૂ અબ્દિલ્લાહ! અલ્લાહ ગવાહ છે કે હું આપના અને આપના વાલિદના દીન પર છું." આટલું કહીને ઈમામ (અ.)થી વિદાય લઈને જંગના મેદાનમાં આવ્યા.[2]

**બેમિસાલ જંગ અને શહાદત:**

ઈમામ (અ.)થી જંગની રજા લઈને આપ (અ.) પોતાની તલવાર કાઢીને દુશ્મનો તરફ આગળ વધ્યા. આપ (અ.)ની પેશાની પર એક ઝખ્મ હતો કે જે કદાચ આગળના કોઈ હુમલાના કારણે લાગી ગયો હશે. જ્યારે આપ (અ.) મેદાનમાં આવે છે તો રબીઅ ઈબ્ને તમીમ દુશ્મન આપ (અ.)ને આવતાં જુએ છે. તે આપ (અ.)ને ઓળખી જાય છે, કારણ કે તેણે આપ (અ.)ના ઘણાબધા જંગ જોયા હતા, અને આપ (અ.)ની બહાદુરીને પણ જોઈ હતી. તે પોતાના લશ્કરને કહેવા લાગે છે કે, "અય લોકો! આ ખૂંખાર સિંહ છે. આ ઈબ્ને અબી શબીબ છે, તમારામાંથી કોઈ પણ માણસ આમની સામે જતા નહીં." એટલામાં તો હઝરત આબિસ (અ.) મેદાનમાં આવીને લડવૈયાની માંગણી કરે છે અને કહે છે કે, "શું કોઈ બહાદુર માણસ આ બહાદુરની સામે આવવા માટે તૈયાર છે?" ઉમર ઈબ્ને સઅદ આ જોઈને પોતાના લશ્કરને કહે છે કે, "પત્થર વડે તેમના પર હુમલો કરો." તેથી બધા દુશ્મનો ભેગા મળીને હઝરત આબિસ (અ.)ને ચારેય બાજુથી પત્થર મારવા લાગે છે. હઝરત આબિસ (અ.) આ જોઈને પોતાની ઢાલ અને બખ્તરને ફેંકી દે છે અને તલવાર લઈને દુશ્મનો પર તૂટી પડે છે. રાવી કહે છે કે, "મેં જોયું કે તેમણે એક જ હુમલામાં ૨૦૦થી પણ વધારે દુશ્મનોને કતલ કરી દીધા. થોડી વારમાં આપ (અ.)ને ચારેય બાજુથી ઘેરી લેવામાં આવ્યા અને આપ (અ.)ને શહીદ કરી દેવામાં આવ્યા. મેં જોયું કે આપ (અ.)નું સર મુબારક ઘણાબધા લોકોના હાથમાં હતું, જેઓ એકબીજાને ફખ્રથી કહી રહ્યા હતા કે, "મેં આ બહાદુર સિપાહીને કતલ કર્યા છે." આમ, બધા જ દુશ્મનો આપ

1 અન્સાબુલ અશરાફ, જિલ્દ–૩, સફહા–૪૦૪
2 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૪૪૪; અલ–બિદાયા વ અલ–નિહાયા, જિલ્દ–૮, સફહા–૧૮૫

(અ.)ને કતલ કર્યા હોવાનો દાવો કરતા હતા. સર મુબારક લઈને બધા દુશ્મનો ઉમર ઇબ્ને સઅદની પાસે આવ્યા તો તે કહેવા લાગ્યો કે, "તમે લોકો અંદરોઅંદર ઝઘડો ન કરો. આ સિપાહીને કોઈ એક નેઝાએ શહીદ નથી કર્યા."[1]

1 તારીખે તબરી, જિલ્દ–૫, સફ્હા–૪૪૪; અલ–બિદાયા વ અલ–નિહાયા, જિલ્દ–૮, સફ્હા–૧૮૫

ઝિયારતે રજબિયા અને હઝરત ઈમામે ઝમાના (અ.)થી મન્સૂબ ઝિયારતે નાહિયામાં આપ (અ.) પર આ રીતે સલામ મોકલવામાં આવી છે:

اَلسَّلَامُ عَلٰى عَابِسِ بْنِ اَبِيْ شَبِيْبٍ الشَّاكِرِيِّ

સલામ થાય આબિસ ઈબ્ને અબી શબીબ શાકિરી પર

## શહીદોના પ્રકારો

જે મુસલમાનને પોતાના હલાલ રીતે કમાયેલા માલનું રક્ષણ કરતાં કરતાં પણ કતલ કરી દેવામાં આવે, તેને પણ શહીદ કહેવામાં આવે છે.

*રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "જેનો માલ હક વગર પચાવી પાડવાનો ઈરાદો કરવામાં આવે, અને તે તેના ખાતર લડે, અને પછી કતલ થઈ જાય, તો તે પણ શહીદ છે."*

આવી જ રીતે જે માણસને પોતાના પરિવારજનો અથવા તો પાડોશીઓ ખાતર કતલ કરવામાં આવે, તેને પણ શહીદનો દરજ્જો મળે છે.

*રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "જે પોતાના પરિવારજનો ખાતર ઝુલ્મ વડે કતલ થયો, તે પણ શહીદ છે; અને જે પોતાના માલ ખાતર ઝુલ્મ વડે કતલ થયો, તે પણ શહીદ છે; અને જે પોતાના પાડોશી ખાતર ઝુલ્મ વડે શહીદ થયો, તે પણ શહીદ છે; અને જે અલ્લાહ અઝ્ઝ વ જલ્લની ઝાત ખાતર કતલ થયો, તે પણ શહીદ છે."*

ઉપરની રિવાયતમાં બધા પ્રકારના શહીદોની સાથે સૌથી અફ્ઝલ શહીદનો ઝિક્ર પણ કરવામાં આવ્યો છે, અને તે છે અલ્લાહ અઝ્ઝ વ જલ્લની ઝાત ખાતર શહીદ થવું. આના સિવાય જે મુસલમાન પોતાનો જીવ બચાવવા લડાઈ કરે અને કતલ થાય, તેને પણ શહીદનો દરજ્જો મળે છે.

*રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "જે પણ માણસ પોતાની જાત ખાતર લડાઈ કરે, એટલે સુધી કે કતલ થઈ જાય, તો તે પણ શહીદ છે."*[1]

1 મતાઉસ્સકલૈન લિ - મુજાહિદહુસૈન, ભાગ–૨, સફ્હા–૬૭



METWELL.
CORPORATION
મેટવેલ કોર્પોરેશન
(હિંમતનગર)
દરેક પ્રકારની દુકાન, શો-રૂમ, મોલ તથા ગોડાઉનમાં ચીજવસ્તુઓ મૂકવા માટેના મજબૂત, ટકાઉ અને આકર્ષક ગોડા (Racks) આપની ડિઝાઇન અને અપેક્ષા મુજબ તૈયાર કરી આપવામાં આવશે.
દરેક દુકાન માટે યોગ્ય ડિસ્પ્લેનો ઉકેલ આપી સેટઅપ કરી આપીએ છીએ, જેમ કે કપડાં, બુટ-ચંપલ, મોબાઇલ, ઇલેક્ટ્રોનિક્સ, સ્પોર્ટ્સ આઇટમ્સ, પરફ્યુમ, બેગ-વોલેટ, કિચનવેર વગેરે...
દુકાન સંબંધિત ફર્નિચરનું કાર્ય પણ કરીએ છીએ, જેમ કે કાઉન્ટર ટેબલ, એલિવેશન, ચેન્જિંગ રૂમ વગેરે...
સુપર માર્કેટ સેન્ટર રેક્સ
ચેકઆઉટ કાઉન્ટર
વોલ માઉન્ટેડ રેક્સ
કસ્ટમાઇઝ્ડ રેક્સ
ડબલ સ્લોટેડ ચેનલ
સ્ક્વેર જાળી
+91 88 66 429 110
info@metwell.co.in
આર્યા બિઝનેસ સેન્ટર, એમ.એચ.કે. મોલની પાસે,
બાયપાસ રોડ, હિંમતનગર, ગુજરાત, ઇન્ડિયા - 383001

# આપણા ઘરની વાતો

**અભિનંદન...**



રસૂલપુર (મે.)નિવાસી એડવોકેટ એન્ડ નોટરી **શબ્બીરઅલી સેલીયા (લાલા)** ની દીકરી **શાકેરાફાતેમા અહેમદઅબ્બાસ સેલીયા**એ યુરોપની પ્રખ્યાત યુનિવર્સિટી ઓફ ગ્રીનવીચ, UK (લંડન)થી 'ઈન્ટરનેશનલ એન્ડ કોમર્શિયલ લૉ' વિષયમાં **માસ્ટર ઓફ લૉ** (LL.M)ની પદવી પ્રાપ્ત કરેલ છે. શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅતમાં UK (લંડન)માંથી કાયદામાં માસ્ટર ડિગ્રી મેળવનાર પ્રથમ દીકરી બન્યાં છે. જાફરી આવાઝ (માસિક) તરફથી અભિનંદન.



← મેતાનિવાસી **મોમિન સાજિદહુસૈન એહસાનઅલી શેલીયા** કે જેમને સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં (પી.એમ.શ્રી મોડેલ સ્કૂલ, દાંતીવાડા) ખાતે કાયમી શિક્ષક તરીકે નોકરી મળેલ છે. જેઓ TAT (HS)ની પરીક્ષામાં ૨૦૦ માંથી ૧૬૬ ગુણ મેળવી સમગ્ર ગુજરાતમાં ત્રીજા નંબરે આવેલ છે.

**ઈન્નાલિલ્લાહે...**



રામોલ (વસો)નિવાસી **મર્હૂમા નૂરીબેન ફતેહભાઈ મોમિન** મુ.તા. ૧૮, ઝિલ્હજ-૧૪૪૬ તા.૧૫/૦૬/૨૦૨૫ને રવિવારના રોજ ૮૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. →



← રામોલ (વસો)નિવાસી **મર્હૂમ મુખી વલીમોહંમદ ફતેહભાઈ મોમિન** મુ.તા. ૨૩, મોહર્રમ-૧૪૪૭ તા.૧૯/૦૭/૨૦૨૫ને શનિવારના રોજ ૬૬ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. તેઓ રામોલ જમાઅતમાં મુખી તરીકે ફરજ બજાવતા હતા.



ઈલોલ (તલાવ)નિવાસી **મર્હૂમા મો.ખુદેજાબેન નૂરમોહંમદ દાંત્રેલીયા** મુ.તા. ૦૨, સફર-૧૪૪૭ તા.૨૮/૦૭/૨૦૨૫ને સોમવારના રોજ ૭૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. →



← ઈલોલ (તલાવ)નિવાસી **મર્હૂમા મો.અમીનાબેન ગનીભાઈ ભુરા** મુ.તા. ૦૭, સફર-૧૪૪૭ તા.૦૨/૦૮/૨૦૨૫ને શનિવારના રોજ ૯૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે.



⟵ કનાઈનિવાસી **મર્હૂમા મો.રસૂલબેન સુલેમાનભાઈ પટેલ** મુ.તા. ૧૭, સફર-૧૪૪૭ તા.૧૨/૦૮/૨૦૨૫ને મંગળવારના રોજ ૯૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે.



કનાઈનિવાસી **મર્હૂમા મો.હુસૈનાબેન ગુલામભાઈ મસી** મુ.તા. ૨૦, સફર-૧૪૪૭ તા.૧૫/૦૮/૨૦૨૫ને શુક્રવારના રોજ ૭૬ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. ⟶

અલ્લાહ તઆલા તમામ મર્હૂમને ગરીકે રહમત કરે, અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

## ગડમથલ નં.૩૮૮નો ઉકેલ

**આડી ચાવીઓ:** (૧) અમલદાર (૫) દિલાવર (૮) ગારત (૯) લાજવાબ (૧૦) મકામ (૧૨) નફીસા (૧૪) તજ (૧૬) અલી (૧૭) લઈન (૧૮) ઝઈફ (૨૨) મલ (૨૪) સાસ (૨૫) બેકસ (૨૭) બકા (૨૯) રસન (૩૧) બદકાર (૩૩) ઈશા (૩૫) રામ (૩૬) હમનામ (૩૮) અમાનત (૩૯) ઈરમ **ઊભી ચાવીઓ:** (૧) અલામત (૨) લગામ (૩) દાર (૪) રતન (૫) દિલાસા (૬) લાજ (૭) રબડી (૧૧) કાજલ (૧૩) ફિરોઝ (૧૫) સનમ (૧૬) અફસર (૧૯) ઈસા (૨૦) અજનબી (૨૧) શબે બરાત (૨૩) લબ (૨૬) કદમ (૨૮) કાઇનાત (૩૦) સફદર (૩૨) રહમા (૩૪) શામ (૩૭) મન


માણસ જોઈએ છે.

**અંકુર** મેડિકલ સ્ટોર્સ

(સહયોગ હોસ્પિટલ)

સરખેજ અમદાવાદ માટે મેડિકલ સ્ટોર્સમાં તાત્કાલિક માણસની જરૂર છે.

સંપર્ક 9328424440

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૦૦/- મર્હૂમા નૂરીબેન ફતેહભાઈ મોમિન (રામોલ (વસો))ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૫૦/- મર્હૂમ મુખી વલીમોહંમદ ફતેહભાઈ મોમિન (રામોલ (વસો))ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૫૦/- મર્હૂમ ફતેહભાઈ રહમાનભાઈ મોમિન તથા મર્હૂમા મરયમબેન ફતેહભાઈ મોમિન (રામોલ (વસો))ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- સાજિદઅહમદ ફૈઝમોહંમદ મોમિન (રામોલ (વસો)) તરફથી તેમના દાદા વલીમોહંમદ ફતેહભાઈ મોમિનની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- ફૈઝમોહંમદ વલીમોહંમદ મોમિન (રામોલ (વસો)) તરફથી તેમના વાલિદ વલીમોહંમદ ફતેહભાઈ મોમિનની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦૦/- મો.હસનઅલી શરીફભાઈ પરબડીયા (સુરપુર) તરફથી મર્હૂમા હુસૈનાબેન ગુલામભાઈ મસીની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમા મો.અમીનાબેન ગનીભાઈ ભુરા (ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- મો.અલીભાઈ ગનીભાઈ ભુરા
રૂા.૫૦૦/- મો.ઈસ્માઈલભાઈ ગનીભાઈ ભુરા
રૂા.૫૦૦/- મો.શીરીનબેન ઈસ્માઈલભાઈ ભુરા
રૂા.૨૦૦/- મો.આબિદહુસૈન ઈસ્માઈલભાઈ ભુરા
રૂા.૨૦૦/- મો.કનીઝઝહરા આબિદહુસૈન ભુરા
રૂા.૧૦૦/- મો.મોહંમદનકી આબિદહુસૈન ભુરા
રૂા.૧૦૦/- મો.રાઝિયાફાતેમા આબિદહુસૈન ભુરા
રૂા.૨૦૦/- મો.અમીનાબેન દાવૂદભાઈ પટેલ (કનાઈ)
રૂા.૨૦૦/- મર્હૂમા મો.કુલસૂમબેન ગુલામહૈદર રાજપુરા (કનાઈ)
રૂા.૧૦૦/- મો.સકીનાબેન ઈબ્રાહીમભાઈ ડોડીયા (ઈલોલ પ.)
રૂા.૧૦૦/- મો.શીરીનબેન કમ્બરઅલી ઢુઢા
રૂા.૧૦૦/- મો.ઝહરાબેન ગુલામઅબ્બાસ વિજાપુરા
રૂા.૧૦૦/- મો.શાકેરાબેન શબ્બીરઅલી વાઘ
રૂા.૧૦૦/- મો.સાબેરાબેન હસનઅબ્બાસ મસુ (ઈલોલ પ.)
રૂા.૧૦૦/- મો.તાહેરાબેન ઈન્તેખાબઅલી ખાણશીયા (કનાઈ)
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન મહદીઅલી વિજાપુરા
રૂા.૧૦૦/- મો.શાકેરાબેન મહદીઅલી કોવડીયા
રૂા.૧૦૦/- મો.સાજેદાબેન નઝરમોહંમદ નુરભાણેજ
રૂા.૧૦૦/- મો.તાહેરાબેન એહસાનઅલી ભુરા
રૂા.૧૦૦/- મો.મકબૂલફાતેમા ઈર્શાદઅહમદ ભુરા
રૂા.૧૦૦/- મો.મંઝૂરફાતેમા આફતાબહુસૈન વાઘ
રૂા.૧૦૦/- મો.આબેદાબેન શબ્બીરઅલી ખાણશીયા (કનાઈ)
રૂા.૧૦૦/- મો.રહમતફાતેમા ફતેહઅલી રાજપુરા (કનાઈ)
રૂા.૧૦૦/- મો.હકીમાફાતેમા કામયાબહુસૈન દાંત્રેલીયા
રૂા.૧૦૦/- મો.હબીબાફાતેમા શબ્બીરએહસાન ભુરા

રૂા.૧૦૦/- મો.નુસરતફાતેમા ફતેહઅલી ભુરા

રૂા.૧૦૦/- મો.નફીસાફાતેમા મુરાદઅલી ભુરા

રૂા.૧૦૦/- મો.ઝકીયાફાતેમા એહમદઅલી ભુરા

રૂા.૧૦૦/- મો.આરેફાફાતેમા નઝરમોહંમદ નુરભાણેજ

રૂા.૧૦૦/- મો.ફરીદાફાતેમા નઝરમોહંમદ નુરભાણેજ

**મર્હૂમા મો.રસૂલબેન સુલેમાનભાઈ પટેલ (કનાઈ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૦૦૦/- મો.મતલુબઅલી સુલેમાનભાઈ પટેલ તથા તેમના પરિવારજનો તરફથી.

રૂા.૫૦૦/- મો.કુલસૂમબેન હબીબઅલી દેધરોટીયા

રૂા.૨૦૦/- મો.ઝહરાબેન અનવરઅલી ખાણશીયા

રૂા.૨૦૦/- મીસમઅલી મોહંમદઅલી મોમિન (દમણ) તરફથી તેમના મર્હૂમ વાલિદ-વાલેદાની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.સાજિદહુસૈન એહસાનઅલી શેલીયા (મેતા)ને સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં (પી એમ શ્રી મોડેલ સ્કૂલ, દાંતીવાડા) ખાતે કાયમી શિક્ષક તરીકે નોકરી મળી તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- યમાનઅલી મોહંમદઅલી મોમિન (વસો) તરફથી 'જાફરી આવાઝ' (માસિક) ને ઉત્તેજન અર્થે.

રૂા.૫૦૦/- બંદએ ખુદા (પાડગોલ)

રૂા.૫૦/- બંદએ ખુદા